સુવિચાર

કેટલાક સુખોનો અહેસાસ એટલા માટે નથી થતો, કારણકેએ મફતમાં મળતા હોય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




સોની બજારમાં બે વેપારીઓનું ૬૦.૯૮ લાખનું સોનું લઈ કારીગર રફુચક્કર P-4


Year-16, Issue-220 ■ DATE : 30-12-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# ફકત છ માસના ગાળામાં જ રૂ.૨૧૫૧૫ કરોડના બેન્ક ફ્રોડ થયા: RBI





## ગત વર્ષની સરખામણીમાં છેતરપીંડીની સંખ્યામાં ઘટાડો: ખાનગી બેન્કોમાં ડીજીટલ ફ્રોડની સંખ્યા વધુ જયારે રાષ્ટ્રીયકૃત બેન્કોમાં લોન ફ્રોડ વધ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતમાં બેન્કીંગ સેવાઓ હવે વધુને વધુ લોકો સુધી પહોંચી રહી છે અને તેમાં ડીજીટલ બેન્કીંગનો આંગળીના ટેરવાથી શકય બની ગયુ છે તે વચ્ચે બેન્કોમાં ગ્રાહકો તથા બેન્ક કર્મચારીઓ દ્વારા થતા ફ્રોડમાં હવે નવું સત્ય સામે આવ્યુ છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના એક રિપોર્ટ મુજબ ચાલુ નાણાકીય વર્ષમાં બેન્કોમાં કુલ ફ્રોડની સંખ્યા ઘટી છે પણ ફ્રોડમાં સંડોવાયેલી રકમમાં 30% જેવો વધારો થયો છે. મતલબ કે હવે મોટી રકમના ફ્રોડ વધ્યા છે અથવા તે જ ‘રિપોર્ટ’ થઈ રહ્યો છે.

આરબીઆઈના રિપોર્ટ મુજબ એપ્રિલ-સપ્ટેમ્બર માસના ૬ માસના ગાળામાં કુલ રૂા.૨૧૫૧૫ કરોડના બેન્ક ફ્રોડ થયા જે ગત વર્ષે આ સમયગાળામાં રૂા.૧૬૫૮૯ કરોડના થયા હતા જેમાં ફ્રોડના કેસ ઘટયા છે પણ રકમ વધી છે. ગત વર્ષે આ સમયગાળામાં ૧૮૩૮૬ ફ્રોડ નોંધાયા હતા જે આ વર્ષે ૫૦૯૨ ફ્રોડ એટલે કે ૬0% જેટલા ઓછા ફ્રોડ નોંદાયા પણ તેમાં વધુ રકમની ઉચાપત અથવા છેતરપીંડી થઈ છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ તેમાં ૨૯ ડિસે.ના વાર્ષિક રિપોર્ટ ટ્રેડ એન્ડ પ્રોગ્રેસ ઓફ બેન્કીંગ ઈન ઈન્ડીયા ૨૦૨૪/૨૫માં અને ૨૦૨૫/૨૬ના વર્ષના પ્રથમ છ માસના બેન્કીંગ ક્ષેત્રના દેખાવ અંગે વિસ્તૃત માહિતી અપાઈ છે.

રિઝર્વ બેન્કની દલીલ છે કે, સર્વોચ્ચ અદાલતના એક આદેશના કારણે ફ્રોડની રકમ વધી છે. ૨૦૨૩ના માર્ચ માસના એક ચૂકાદાને સુપ્રીમકોર્ટે બેન્કીંગ ફ્રોડના ૧૨૨ જૂના કેસની ફરી તપાસના આદેશ આપ્યા હતા અને નવો રિપોર્ટ તૈયાર કરી સુપ્રત કરવા જણાવ્યું. આરબીઆઈના આંકડા મુજબ આ કેસમાંજ ફ્રોડની રૂા.૧૮૩૩૬ કર્યો છે.

આ પ્રકારના ફ્રોડમાં ડીજીટલ ફ્રોડની સંખ્યા ૬૮.૮% રહી છે પણ તેમાં રકમ ઓછી છે. બેન્કની વધુ રકમ લોન ફ્રોડમાં ગઈ છે. રૂા.૧ લાખ કે તેથી વધુની રકમના લોનફ્રોડના ૩૩.૧% કેસ નોંધાયા છે.

અલગ અલગ બેન્કોમાં ફ્રોડની પેટર્ન પણ અલગ અલગ જોવા મળી છે. કુલ મામલામાં ખાનગી બેન્કોમાં થયેલા ફ્રોડની ટકાવારી ૫૯.૩% રહી છે. આમ અડધાથી વધુ ફ્રોડ ખાનગી બેન્કો અને તે પણ ઈન્ટરનેટ મારફત થયેલા ફ્રોડ વધુ છે. તેમાં બેન્કોના ડેબીટ-ક્રેડીટ કાર્ડ ફ્રોડનો પણ સમાવેશ થાય છે. સરકારી બેન્કો અથવા રાષ્ટ્રીયકૃત બેન્કોમાં ફ્રોડની કુલ રકમ ૭૦.૭% રહી છે.

આમ ફ્રોડની રકમ સરકારી બેન્કોમાં વધુ રહી છે. જો કોઈ વ્યક્તિ ખોટા દસ્તાવેજના આધારે ધિરાણને હેતુ કરતા અન્ય ઉપયોગ કરે કે જે ખરીદી માટે ધિરાણ મેળવ્યું હોય તેના ખોટા બિલ દસ્તાવેજો રજુ કરે તો તે બેન્ક લોન ફ્રોડ બને છે. રિઝર્વ બેન્કનો આ ડેટા દર્શાવે છે કે બેન્કો અને નાણાકીય સંસ્થાઓ મારફત ફ્રોડના ૯૪૨ કેસ પરત ખેંચી લેવાયા હતા. આ માટે ૧.૨૮ લાખ કરોડની રકમ સામેલ હતી.

જેમાં બેન્કોમાં નાણા ભરપાઈ થઈ જવાથી બેન્કોએ તે કેસ બંધ કર્યા હતા. બેન્કીંગ નિષ્ણાંતોનું માનવું છે હજું વધુ વ્યાપ થવાથી બેન્કો સાથે છેતરપીંડી વધી શકે છે. બેન્કોએ લોન મંજુર કરતા પુર્વેની ચકાસણી વદારવી જોઈએ.

તો બીજી તરફ ડેબીટ-ક્રેડીટ કાર્ડના સાયબર ફ્રોડ ઘટયા છે તે ડિઝીટલ બેન્કીંગમાં જે જાગૃતી વધી છે તેને કારણ ગણવામાં આવે છે. બેન્ક ફ્રોડ કરવામાં જે બનાવટી દસ્તાવેજોના આધારે બેન્ક ખાતા ખોલાય છે અથવા ખાતે ‘ભાડે’ અપાય છે તેની ભૂમિકા પણ વધુ છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૬/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૫/લીટર |
| CNG | રૂ. ૮૪.૧૭/કિલો |





| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૩૬,૨૫૦ | ₹૨,૪૦,૦૦૦ |
| | -૩૦૫૦ | -૧૮.૦૦૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૯.૯૫ | ₹૧૨૧.૪૮ |

# ગુજરાતમાં દર કલાકે ૫૦૦થી વધુ લોકોને માર્ગ અકસ્માતમાં ઈજા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં રોડ એક્સિડેન્ટના કેસમાં ચિંતાજનક રીતે વધારો નોંધાઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૫માં અત્યારસુધી ૧,૭૮,૯૭૫ વ્યક્તિને રોડ એક્સિડેન્ટમાં ઈજા થયેલી છે. ગત વર્ષે રોડ એક્સિડેન્ટથી ૧,૬૫,૦૬૫ ઈજાગ્રસ્તો નોંધાયા હતા. આ સ્થિતિએ ગત વર્ષની સરખામણીએ રોડ એક્સિડેન્ટમાં ૧૦ ટકા જેટલો વધારો નોંધાયો છે. હાલની સ્થિતિએ ગુજરાતમાં પ્રતિ કલાકે ૨૧ અને પ્રતિ દિવસે ૫૦૦ વ્યક્તિને અકસ્માતમાં ઈજા થાય છે.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાતના જે જિલ્લામાં માર્ગ અકસ્માતથી ઈજાના સૌથી વધુ કેસ નોંધાયા છે તેમાં અમદાવાદ જિલ્લો મોખરે છે. અમદાવાદ જિલ્લામાં ૧ જાન્યુઆરીથી ૨૫ ડિસેમ્બર સુધી ૨૮૬૭૭ વ્યક્તિને માર્ગ અકસ્માતમાં ઈજા થઈ હતી. જેની સરખામણીએ ૨૦૨૩માં ૨૫૧૯૧, વર્ષ ૨૦૨૪માં ૨૭૮૮૬ વ્યક્તિને માર્ગ અકસ્માતમાં ઈજા બાદ ૧૦૮’ની મદદથી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.અમદાવાદમાં રોડ એક્સિડેન્ટથી ઈજાના કેસમાં દર વર્ષે ૫-૫ ટકાનો વધારો થઈ રહ્યો છે. આ સ્થિતિએ અમદાવાદમાં પ્રતિ દિવસે ૮૦ વ્યક્તિ માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થાય છે. રોડ એક્સિડેન્ટથી ઈજાના સૌથી વધુ કેસમાં સુરત ૧૮૯૮૩ સાથે બીજા, વડોદરા ૧૧૭૫૫ સાથે ત્રીજા જ્યારે રાજકોટ ૯૨૦૦ સાથે ચોથા સ્થાને છે.વર્ષ ૨૦૨૪ની સરખામણીએ વર્ષ ૨૦૨૫માં કેસમાં વધારો થયો હોય તેમાં મુખ્યત્વે સુરત, પંચમહાલ, નર્મદા, દાહોદ, બોટાદ, અમરેલીનો સમાવેશ થાય છે.

# ગુજરાત કોંગ્રેસમાં ફરી ભડકો: વિધાનસભા કોંગ્રેસના દંડક કિરીટ પટેલે પોતાના પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરતા રાજકીય ગરમાવો

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાત કોંગ્રેસમાં ફરી એકવાર આંતરિક વિખવાદ સપાટી પર આવ્યો છે. પાટણના ધારાસભ્ય અને વિધાનસભા કોંગ્રેસના દંડક કિરીટ પટેલે પોતાના પદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરતા રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. સંગઠનમાં થયેલી નિમણૂકો અને સ્થાનિક નેતાઓની અવગણનાને પગલે તેઓ નારાજ હોવાનું સામે આવ્યું છે.





પાટણના કિરીટ પટેલ આજે બપોરે ૩ વાગ્યે દંડક પદેથી સત્તાવાર રીતે પોતાનું રાજીનામું સોંપશે. સંગઠનમાં થયેલી નિમણૂકો અને ખાસ કરીને પાટણ જિલ્લા અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખની વરણી મુદ્દે ભારે નારાજગી જોવા મળી રહ્યો છે. જયાબેન શાહને ફરી પ્રમુખ બનાવતા અને સ્થાનિક નેતાઓની ’સેન્સ’ લીધા વગર નિર્ણય લેવાતા કિરીટ પટેલ લાલઘૂમ થયા છે.

કિરીટ પટેલે મીડિયા સમક્ષ પોતાની નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, પક્ષમાં જ્યારે કોઈ મહત્વની નિમણૂક કરવામાં આવે ત્યારે સ્થાનિક ધારાસભ્યોને વિશ્વા-સમાં લેવા જોઈએ. તેમણે સ્પષ્ટ કર્યું કે તેમને જયાબેન શાહ સામે વ્યક્તિગત વાંધો નથી, પરંતુ જે રીતે સ્થાનિક નેતાઓની ’સેન્સ’ લીધા વગર નિર્ણય લેવામાં આવ્યો છે તે પક્ષની શિસ્ત વિરુદ્ધ છે. જો કોંગ્રેસને મજબૂત કરવી હોય તો જૂથબંધી દૂર કરવી જોઈએ અને કાર્યકરો તેમજ ધારાસભ્યોના મંતવ્યોને મહત્વ આપવું જોઈએ.

આ ઘટનાક્રમ વચ્ચે કિરીટ પટેલે વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા અને અન્ય વરિષ્ઠ નેતાઓ સાથે ટેલિફોનિક વાતચીત કરી છે. પક્ષના અગ્રણીઓ તેમને મનાવવાના પ્રયાસો કરી રહ્યા છે, પરંતુ કિરીટ પટેલ પોતાના નિર્ણય પર મક્કમ દેખાઈ રહ્યા છે.

પાટણ કોંગ્રેસ કાર્યાલયને તાળાબંધી કરવાના મામલે શિસ્તભંગની પણ ચર્ચાઓ થઈ રહી છે. એક તરફ ભાજપ મજબૂત બની રહ્યું છે ત્યારે કોંગ્રેસમાં ચાલી રહેલો આ આંતરિક કલહ આગામી સમયમાં પક્ષ માટે મુશ્કેલીઓ ઉભી કરી શકે છે.

# રેલવે રિઝર્વેશનના નિયમો બદલાયા: આધાર લિન્ક વિના બુકિંગ નહીં થઇ શકે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

એજન્ટો દ્વારા રેલ્વે ટીકીટોના ધડાધડ બુકિંગને રોકવા માટે રેલ્વે દ્વારા નવા-નવા નિયમો ઘડવામાં આવી જ રહ્યા છે. આઇઆરસીટીસી આઇડીને આધાર સાથે લીંક કરવાનો નિયમ દાખલ કર્યો જ છે અને તેના વિના બુકિંગ નહીં થઇ શકે. ત્રણ તબકકામાં લાગૂ થનારા નિયમનો પ્રથમ તબકકો લાગૂ થઇ ગયો છે. આધાર લીક ન હોય તો પ્રથમ દિવસે જનરલ ક્વોટામાં ટીકીટ બુકિંગ નહીં થઇ શકે.



પ્રવાસીઓ માટે એડવાન્સ રિઝર્વેશન બુકિંગ ૬૦ને બદલે ૫૯ દિવસ અગાઉ શરૂ થશે. ૨૯મી ડિસેમ્બરથી જ આધાર સાથે લિંક ન હોય તેવા IRCTC યાત્રીઓ સવારના ૮ વાગ્યાથી લઈ બપોરના ૧૨ વાગ્યા સુધી તેમની ટિકિટને બુક કરાવી શકશે નહીં.

આ નવો નિયમ માત્ર રિઝર્વ રેલવે બુકિંગ ખુલે તેના પ્રથમ દિવસે લાગુ થશે. ભારતીય રેલવે દ્વારા આ નિયમોને ત્રણ તબક્કામાં લાગૂ કરવાનો નિર્ણય કર્યો છે. તેનો પ્રથમ તબક્કો ૨૯મી ડિસેમ્બર એટલે કે આજથી આધાર વગર સવારના ૮ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધી રેલવે ટિકિટનું બૂકિંગ નહીં થાય.

આ ઉપરાંત બીજો તબક્કો ૫ જાન્યુઆરીના રોજ સવારે ૮ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી રેલવેની ટિકિટ બુકિંગ નહીં કરી શકાય. ત્રીજા તબક્કામાં ૧૨મી જાન્યુઆરીથી સવારના ૮ વાગ્યાથી રાત્રીના ૧૨ વાગ્યા સુધી આ પ્રકારના યુઝર્સ રેલવે ટિકિટ બુક નહીં કરી શકે.

રેલવે વિભાગ દ્વાર આ નિયમ ટિકિટ વિન્ડો ખુલે તે દિવસે વધુ સંખ્યામાં પેસેન્જરને ઓનલાઈન ટિકિટ બુક માટેની તક પૂરી પાડવાનો છે તથા ડમી અકાઉન્ટથી રેલવે ટિકિટ બૂકિંગ કરનાર એજન્ટોને નિયંત્રિત કરવાનો ઉદ્દેશ છે.

રેલવે દ્વારા આ ફેરફાર IRCTCથી બૂકિંગ પર કર્યા છે. જેમાં એડવાન્સ ટિકિટ બૂકિંગ અગાઉના દિવસે જનરલ રિઝર્વ ટિકિટ બુક કરવા માટે આધાર ઓથેન્ટિકેટેડ IRCTC અકાઉન્ટ જ કામ કરશે. રેલવેના કોમ્પ્યુટરાઈઝ્ડ PRS કાઉન્ટર્સ પર ટિકિટ બુક કરવાની પ્રક્રિયામાં કોઈ જ ફેરફાર નથી.

# મુંબઈમાં રિવર્સમાં આવી રહેલી બેસ્ટની બસે પગપાળા જઈ રહેલા લોકોને કચડયા: ચારના મોત

મુંબઈમાં ગઈરાત્રીના રિવર્સમાં આવી રહેલી બેસ્ટની એક બસે ભાંડુપ રેલવે સ્ટેશન નજીક પગપાળા જઈ રહેલા લોકોને કચડતા તેમાં ચાર રાહદારીઓના મોત થયા છે અને અન્ય ૧૩થી વધુ ઘાયલ થયા છે. રાત્રીના ૯.૨૫ કલાકે બનેલી આ દુર્ઘટનામાં બેસ્ટની બસ તેના એન્ડ પોઈન્ટ પર પહોંચ્યા બાદ ડ્રાઈવરે રાહદારીઓની ચિંતા કર્યા વગર જ બસને અત્યંત સ્પીડથી રિવર્સમાં દોડાવવાનું શરૂ કર્યુ હતું. ઓચિંતી જ બસ આ રીતે ધસી આવતા રાહદારીઓનો એક મોટો સમુહ તેની હડફેટે ચડી ગયો અને ચારે તરફ નાસભાગ ચીસાચીસ થઈ હતી જેમાં સંખ્યાબંધ રાહદારીઓ બસની હેઠળ કચડાયા હતા જેમાં ત્રણ મહિલા અને એક પુરુષના મૃત્યુ થયા હતા જયારે ૧૩ જેટલા રાહદારીઓને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયા હતા. દુર્ઘટના સ્થળ પર દોડી આવેલી પોલીસે ડ્રાઈવરને તુર્તજ અટકમાં લઈ લીધા છે તેની મેડીકલ તપાસ કરવામાં આવી હતી તથા શા કારણે બસ આ રીતે રીવર્સમાં લેવાઈ તે પણ તપાસ થઈ રહી છે.

# બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયાનું અવસાન

### ડાયાબિટીસ અને લીવર સંબંધિત અનેક બીમારીઓથી પીડાતા હતા

**મુખ્ય સમાચાર, ઢાકા**

બાંગ્લાદેશના અગ્રણી પક્ષ, બીએનપીના વડા, બેગમ ખાલિદા ઝિયાનું અવસાન થયું છે. તેઓ ૮૦ વર્ષના હતા અને લાંબા સમયથી બીમાર હતા. તેમણે બે વાર વડા પ્રધાન તરીકે સેવા આપી હતી, પહેલી વાર ૧૯૯૧ થી ૧૯૯૬ અને બીજી વાર ૨૦૦૧ થી ૨૦૦૬. તેઓ બાંગ્લાદેશના પ્રથમ મહિલા વડા પ્રધાન પણ હતા. તેમના પતિ ઝિયાઉર રહેમાન, લશ્કરી શાસક અને બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ હતા. તેમણે બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી) ની સ્થાપના કરી હતી. ૧૯૮૧ માં તેમની હત્યા કરવામાં આવી હતી. ત્યારથી, બેગમ ખાલિદા ઝિયા પાર્ટીનું નેતૃત્વ કરી રહ્યા છે.



હવે, તેમના પુત્ર તારિક રહેમાન પાર્ટીનું નેતૃત્વ કરી રહ્યા છે. તેઓ ૧૭ વર્ષ દેશથી દૂર રહ્યા બાદ તાજેતરમાં બાંગ્લાદેશ પાછા ફર્યા છે. તેઓ બીએનપીના કાર્યકારી અધ્યક્ષ છે.

તેમનો જન્મ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૫ ના રોજ થયો હતો. તેમના કાર્યકાળ દરમિયાન, તેઓ બાંગ્લાદેશી રાજકારણમાં ખૂબ પ્રભાવશાળી હતા. જોકે, બાંગ્લાદેશના બીજા મહિલા વડા પ્રધાન શેખ હસીના તેમના કટ્ટર વિરોધી રહ્યા. શેખ હસીનાએ છેલ્લા કેટલાક વર્ષોથી દેશ પર શાસન કર્યું. આ સમયગાળા દરમિયાન ખાલિદા ઝિયાને ભ્રષ્ટાચાર સંબંધિત અનેક કેસોમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. શેખ હસીનાના વડા પ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન તેઓ લાંબા સમય સુધી નજરકેદ રહ્યા હતા. ગયા વર્ષે, શેખ હસીનાને સત્તા પરથી હાંકી કાઢવામાં આવ્યા પછી, તેમને મોહમ્મદ યુનુસની વચગાળાની સરકારે મુક્ત કર્યા હતા. જોકે, તેમની વૃદ્ધાવસ્થા અને ખરાબ સ્વાસ્થ્યને કારણે, તેઓ રાજકારણમાં સક્રિય થઈ શક્યા ન હતા.

જોકે, વડા પ્રધાન તરીકેનો તેમનો કાર્યકાળ પણ વિવાદાસ્પદ રહ્યો હતો. એવા આરોપો છે કે તેમના કાર્યકાળ દરમિયાન, તેમણે દેશમાં કટ્ટરપંથીઓને પ્રોત્સાહન આપ્યું હતું. કટ્ટરપંથી બળ જમાત-એ-ઇસ્લામીએ બાંગ્લાદેશમાં પગપેસારો કર્યો હતો. જમાત-એ-ઇસ્લામી એ જ બળ છે જેણે પાકિસ્તાની સેના સાથે મળીને બાંગ્લાદેશની આઝાદી દરમિયાન બાંગ્લાદેશમાં નરસંહાર કર્યા હતા.

# શરદ પવારની પુત્રી સુપ્રીય સુલે કેન્દ્ર સરકારમાં મંત્રી બની શકે છે!: પ્રકાશ આંબેડકર

**મુખ્ય સમાચાર, મુંબઈ**

મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ કોર્પોરેશન અને ખાસ કરીને BMCની આગામી ચૂંટણીઓ પૂર્વે રાજકીય ગતિવિધિઓએ જોર પકડ્યું છે. અજિત પવાર અને શરદ પવાર જૂથ વચ્ચે પિંપરી-ચિંચવડની ચૂંટણી માટે ગઠબંધન જાહેર થયા બાદ, ’વંચિત બહુજન અઘાડી’ના અધ્યક્ષ પ્રકાશ આંબેડકરે એક સનસનીખેજ નિવેદન આપ્યું છે. તેમણે દાવો કર્યો છે કે, ’શરદ પવારના પુત્રી અને સાંસદ સુપ્રિયા સુલે આગામી સમયમાં કેન્દ્ર સરકારમાં મંત્રી બની શકે છે.’



એનસીપીના બંને જૂથોના જોડાણ પર પ્રતિક્રિયા આપતા પ્રકાશ આંબેડકરે કહ્યું કે, ’ચૂંટણી પછી જો તમે સુપ્રિયા સુલેને કેન્દ્રીય મંત્રીમંડળમાં જુઓ તો આશ્ચર્ય પામશો નહીં. આ માત્ર શરૂઆત છે, ધર્મનિરપેક્ષ પક્ષોએ હવે સાવધ રહેવાની જરૂર છે.

અજિત પવારે શરદ પવાર માટે ભાજપ તરફ વળવાનો માર્ગ મોકળો કરી આપ્યો છે.’ શરદ પવાર અટલ બિહારી વાજપેયીના કાર્યકાળ દરમિયાન પણ મહત્વના પદે હતા, તેથી તેમના અને ભાજપના સંબંધો ક્યારેય છૂપા રહ્યા નથી.

નાયબ મુખ્યમંત્રી અજિત પવારે જાહેરાત કરી હતી કે, પિંપરી-ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં NCP (અજિત પવાર) અને NCP (શરદ પવાર જૂથ) સાથે મળીને લડશે.

૨૦૨૩માં પક્ષમાં પડેલી ફાટ પછી આ પ્રથમ વખત છે જ્યારે કાકા-ભત્રીજાના જૂથો એક મંચ પર આવ્યા છે. આ ગઠબંધનનો મુખ્ય હેતુ પિંપરી-ચિંચવડમાં ભાજપના ગઠબંધનને પડકારવાનો છે.

ઉલ્લેખનીય છે કે, પ્રકાશ આંબેડકરના આ નિવેદને મહાવિકાસ અઘાડીમાં પણ ચિંતા વધારી છે. જો સુપ્રિયા સુલે અંગેનો તેમનો દાવો સાચો પડે, તો મહારાષ્ટ્રમાં વિપક્ષી એકતાના લીરેલીરા ઉડી શકે છે. હાલમાં તો પિંપરી-ચિંચવડમાં NCPના બંને જૂથોનું એક થવું એ રાજ્યના રાજકારણમાં પલટાના સંકેત આપી રહ્યું છે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ધુમ્મસ છવાયું: ઠંડી ઘટી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે સવારથી ફરી ઉત્તર-પૂર્વને બદલે પશ્ચિમનાં પવનો શરૂ થતા હવામાં ભેજ મોટા ભાગનાં સ્થળોએ ૮૦ થી ૯૦ ટકા નોંધાતા અનેક સ્થળોએ વહેલી સવારથી ધુમ્મસ છવાયું હતું અને ઠંડીનાં પ્રમાણમાં પણ ઘટાડો થયો હતો. હજુ બે થી ત્રણ દિવસ સવારે ધુમ્મસ રહેવાની હવામાન વિભાગની આગાહી છે.

રાજકોટમાં આજે સવારે હવામાં ભેજ ૮૧ ટકા સાથે ધુમ્મસ છવાયુ હતું અને તાપમાન ૧૪.૨ ડિગ્રી નોંધાયુ હતું. રાજકોટ ઉપરાંત અન્ય સ્થળોએ પણ વહેલી સવારમાં ધુમ્મસ છવાતા ખાસ કરીને હાઈવે ઉપર વાહન ચાલકોને મુશ્કેલી પડી હતી.



આજે સૌથી વધુ ઠંડી ૧૨.૬ ડિગ્રી સાથે નલિયામાં નોંધાઈ હતી. તેમજ વેરાવળમાં ૧૮, પોરબંદરમાં ૧૪.૨, ઓખામાં ૧૯.૮, અમદાવાદમાં ૧૪.૮, સુરતમાં ૧૫.૭, વડોદરામાં ૧૫, જયારે અમરેલી ખાતે ૧૩.૨, ભાવનગરમાં ૧૫.૬, ભુજમાં ૧૫.૭ તેમજ ડિસામાં ૧૩.૬, દીવમાં ૧૪.૭, દ્વારકામાં ૧૮.૫, ગાંધીનગરમાં ૧૪ અને કંડલામાં ૧૬.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું. વધુમાં સૌરાષ્ટ્રમાંથી મળતા અહેવાલો મુજબ જુનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે નોંધાયેલા તાપમાન મુજબ આજે સવારે મેકસીમમ તાપમાનનો પારો ૧૪.૬ ડિગ્રીએ ઉંચે પહોંચ્યો હતો. જયારે ૧૩.૮ ડિગ્રી નીચે તાપમાન નોંધાયુ હતું. જયારે ગીરનાર પર્વત ઉપર ૮.૮ ડિગ્રીએ પારો સ્થિર રહ્યો હતો. વાતાવરણમાં ભેજ ૮૨ ટકા અને પવનની ગતિ પ્રતિ કલાક ૨ કિ.મી. રહી હતી.

જયારે સુરેન્દ્રનગર જિલ્લા અને તેના તાલુકા મથકે આમ તો શિયાળો હોવા છતાં પણ જોઈએ તેવી ઠંડી હજુ સુધી પડી નથી પરંતુ આજે વહેલી સવારે ઝાકળ ધુમ્મસ ભર્યું વાતાવરણ સુરેન્દ્રનગર જિલ્લા અને તેના તાલુકા મથકે જોવા મળ્યું હતું ત્યારે ધુમ્મસના કારણે સુરેન્દ્રનગર શહેર અને તેના જિલ્લાને તાલુકામાં હાઈવે ઉપર પણ વાહન ચાલકોને પોતાના વાહનો ધીમા ચલાવવાની ફરજિયાત પણે નોબત આવી હતી.

# જામનગર મનપાના પૂર્વ વિરોધ પક્ષના નેતા અને આમ આદમી પાર્ટીમાં જોડાયેલા અસલમ ખીલજી પર હુમલો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં કોર્પોરેટર અસલમ ખીલજી પર હુમલો થયો છે. અસલમ ખીલજી કોંગ્રેસ છોડી તાજેતરમાં આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. મહાનગરપાલિકા કચેરીની બહાર અજાણ્યા શખ્સોએ હુમલો કર્યો છે. અસલમ ખીલજી પૂર્વ વિપક્ષી નેતા અને વર્તમાન ટર્મમાં વોર્ડ નંબર ૧૨ના કોર્પોરેટર છે. ઈજાગ્રસ્ત અસલમ ખીલજીને જી.જી. હોસ્પિટલમાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં છે.જામનગર મહાનગરપાલિકાના પૂર્વ વિરોધ પક્ષના નેતા અને હાલ આમ આદમી પાર્ટીમાં જોડાયેલા અસલમ ખીલજી પર હુમલો થયો છે. આ ઘટના મહાનગરપાલિકાના પ્રવેશદ્વાર બહાર બની હતી. અસલમ ખીલજી મહાનગરપાલિકાની કચેરીમાંથી બહાર નીકળી રહ્યા હતા, તે સમયે ભીડભંજન રોડ પર મુખ્ય કચેરીના ગેટ પાસે કેટલાક અજાણ્યા શખ્સોએ તેમના પર ધોકા અને પાઈપ જેવા હથિયારો વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં તેમને હાથ-પગમાં ઈજાઓ પહોંચી હતી.આ ઘટનાની જાણ થતાં જ અસલમ ખીલજીના સમર્થકો જી.જી. હોસ્પિટલ ખાતે ઉમટી પડ્યા હતા. પોલીસ ટુકડી પણ ઘટના સ્થળે અને ત્યારબાદ હોસ્પિટલ પહોંચી હતી. પોલીસે આ મામલે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે. હુમલાખોરો કોણ હતા અને હુમલા પાછળનું કારણ શું હતું તે હજુ જાણી શકાયું નથી. હાલ ઈજાગ્રસ્ત અસલમ ખીલજીને જી.જી. હોસ્પિટલમાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં છે.

# ઉનાના લામધારના પાટિયા નજીક દિવ તરફથી આવતા મચ્છી ભરેલ ટ્રક પલ્ટી મારી: જાનહાની નહીં

## ડ્રાઈવરે સ્ટેરીંગ પર થી કાબુ ગુમાવતા સર્જાયો અકસ્માત, અન્ય ટ્રક દ્વારા મચ્છીના બાસ્કેટ ફેરવામાં આવ્યા

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉનાથી માત્ર ૨ કી.મી દૂર રાત્રિના સમયે લામધારના પાટિયા નજીક દિવ તરફથી આવતો એક મચ્છી ભરેલ ટ્રક નંબર -GJ-14 X 1260ના ચાલકે ગોળાઈ પર અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા આ ટ્રક પલટી મારી દેતા ટ્રકમાં વ્યાપક પ્રમાણમાં મચ્છીનો જથ્થો કેરેટ માં ભરેલ હોય તે રોડ પર ફેલાઈ ગયેલ આ ગંભીર અકસ્માત ની ઘટના માં સદનસીબે જાન હાની ટળી હતી. જ્યારે મચ્છીનો ટ્રક પલટી મારતા અને રોડ પર જ્યાં નજર કરો ત્યાં મચ્છી દેખાતા ટ્રાફિક પણ જામ થઈ ગયેલ અને અકસ્માત ની ઘટનાની જાણ આજુ બાજુના લોકો તેમજ ગ્રામ્ય વિસ્તારના લોકોને થતા લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા આ બનાવની જાણ ઉના પોલીસને થતા તે પણ ઘટના સ્થળે પોહચી ગયેલ અને નેશનલ હાઈવે પર વાહનોની વ્યાપક



અવરજવર હોવાથી ટ્રાફિક સમસ્યાના સર્જાય એ માટે ટ્રાફિક સમસ્યા હળવી કરેલ હતી અને રોડ પર ફેલાયેલ મચ્છી એકત્રિત કરી કન્ટેનરમાં ભરવામાં આવી હતી.

# જામનગર શહેરના વેપારીઓ સામે મનપાની સિંગલ યુઝ પ્લાસ્ટિકની ઝુંબેશ: ૪૯ વેપારીઓ દંડાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકના સંદર્ભમાં વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, જેના ભાગરૂપે એક સપ્તાહ દરમિયાન ૪૯ વેપારીઓ સામે દંડકીય કાર્યવાહી કરી હતી, અને તેઓ પાસેથી રૂપિયામાં ૨૨,૮૦૦ નો હાજર દંડ વસૂલવામાં આવ્યો છે. તે જ રીતે ૩૮ ઘાસચારાનું વેચાણ કરતાં વિક્રેતાઓ સામે પણ દંડકીય કાર્યવાહી કરી છે, અને ઘાસનો જથ્થો જપ્ત કરી લઇ રૂપિયા ૧૯ હજારનો દંડ વસૂલાયો છે.જામનગર મહાનગરપાલિકા ધ્વારા અલગ અલગ ટીમો મારફત શહેરમાં સિંગલ યુઝ પ્રતિબંધિત પ્લાસ્ટિક વેચાણ કરતા ધંધાર્થીઓ તથા ગેરકાયદેસર ઘાસચારો વેંચાણ કરતા ધંધાર્થીઓનો સામે પ્લાસ્ટિક જપ્તીકરણ તથા ઘાસચારો જપ્તીકરણ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જે અનુસંધાને ગત અઠવાડિયામાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ કરતા કુલ-૪૯ ધંધાર્થી/વેપારીઓ પાસેથી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે, તથા રૂ.૨૨,૮૦૦ ના વહીવટી ચાર્જની વસુલાત કરવામાં આવી છે.ઉપરાંત ગેરકાયદેસર ઘાસચારો વેંચાણ કરતા ૩૮ ધંધાર્થીઓનો ઘાસચારો જપ્ત કરી લઈ રૂ.૧૯,૦૦૦નો વહીવટી ચાર્જ વસુલી લેવામાં આવ્યો છે. તેમજ ગેરકાયદેસર ઘાસચારો વેંચાણ કરતા એક આસામી સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જાહેર રોડ રસ્તા પર ઘાસચારો નાખવાની પશુઓ ભેગા થવા અને ટ્રાફિકની સમસ્યા, અકસ્માત થવાનો ભય રહેતો હોય, જાહેર જનતાને રોડ રસ્તાઓ ઉપર ઘાસચારો નહી નાખવા અપીલ કરવામાં આવી છે. વધુમાં લોકોએ ઘાસચારો દાન કરવો હોય તો JMC Connect App. મારફત દાન આપવા અથવા મહાનગરપાલિકા હસ્તકની ગૌશાળાઓ ખાતે દાન કરવા અપીલ કરવામાં આવી છે.

# મોરબી-કંડલા બાયપાસ રોડ પર ટ્રકની ટક્કરે મોપેડ ચાલકનું કરુણ મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના કંડલા બાયપાસ રોડ પર પુરઝડપે આવતા ટ્રકે મોપેડને પાછળથી ટક્કર મારતા પ્રૌઢનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. અકસ્માતમાં મોપેડ ચાલકનું માથું ટ્રકના પાછળના ટાયરના જોટ્ટામાં આવી જતા છૂંદાઈ ગયું હતું. સમગ્ર અકસ્માતના બનાવમાં મૃતકના ભત્રીજાની ફરિયાદના આધારે સીટી એ ડિવિઝન પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

મોરબી શહેરના રવાપર રોડ અનુપમ સોસાયટીમાં રહેતા સુરેશભાઈ મગનભાઈ ફુલતરીયા ઉવ.૫૭ કે જેઓ લક્ષ્મીનગર ગામ સામે ભાગ્યલક્ષ્મી હોટલ ચલાવતા હોય ત્યારે ગઈકાલ તા.૨૯/૧૨ ના રોજ સુરેશભાઈ મોરબી તરફથી દલવાડી સર્કલ પોતાના ઈલેક્ટ્રીક મેગ્નસ સ્કુટર રજી. નં. જીજે-૩૬-એડી-૫૪૦૪માં જઈ રહ્યા હોય તે દરમિયાન કંડલા બાયપાસ રોડ પર કામધેનુ પાર્ટીપ્લોટ સામે, ઈંદ્રપ્રસ્થ સોસાયટીના ગેટ પાસે, અશોક લેલેન ટ્રક રજી.નં. જીજે-૦૩-બીવાય-૧૨૯૭ ના ચાલકે પોતાનો ટ્રક પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે ચલાવીને આવી સુરેશભાઈના મોપેડને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કરના કારણે સ્કુટર ચાલક સુરેશભાઈ નીચે પટકાતા તેમનું માથું ટ્રકના પાછળના ટાયરના જોટ્ટામાં આવી જતા ગંભીર ઈજા થવાથી તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. ત્યારે અકસ્માતને પગલે પોલીસ સ્થળ ઉપર પહોંચી હતી. અને મૃતદેહને સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. હાલ મૃતક સુરેશભાઈના ભત્રીજા યશભાઈ દીપકભાઈ ફુલતરીયાની ફરિયાદને આધારે પોલીસે આરોપી ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં ૩૧ ડિસેમ્બરને અનુસંધાને એસપીની રાહબરી હેઠળ ડે-કોમ્બીંગ, ટ્રાફિક અને પ્રોહીબીશન સામે કડક કાર્યવાહી

## નંબર પ્લેટ વગરના વાહનો, કાળા કાચ, દારૂ પીને ડ્રાઈવિંગ અને બુટલેગરો સામે એક સાથે કાર્યવાહી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી આગામી ૩૧ ડિસેમ્બર અનુલક્ષીને મોરબી શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તે હેતુથી જીલ્લા પોલીસ દ્વારા વ્યાપક ડે-કોમ્બીંગ હાથ ધરાયું હતું. એસપીની ઉપસ્થિતિમાં વિવિધ પોલીસ શાખાઓની ટીમોએ શહેરભરમાં વાહન ચેકિંગ અને પ્રોહીબીશન અંગે દરોડા કર્યા હતા. ટ્રાફિક નિયમોના ભંગ કરનાર વાહન ચાલકો સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. સાથે જ દારૂ વેચાણ અને પીધેલા ઈસમો સામે પણ કડક પગલાં લેવામાં આવ્યા હતા.





મોરબી જીલ્લા અધિક્ષક દ્વારા શહેર વિસ્તારમાં ડે-કોમ્બીંગ અને વાહન ચેકિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાયબ પોલીસ અધિક્ષક સાથે એલ.સી.બી., એસ.ઓ.જી., ટ્રાફિક શાખા તેમજ મોરબી સીટી એ અને બી ડીવીઝન તથા તાલુકા પોલીસ સ્ટેશનની કુલ ૧૪૭ અધિકારી-કર્મચારીઓની ટીમો તૈનાત કરવામાં આવી હતી. અલગ-અલગ ટ્રાફિક પોઈન્ટ પર દારૂ પી ને વાહન ચલાવતા, કાળા કાચવાળી કાર, ફેન્સી નંબર પ્લેટ અને સીટબેલ્ટ વગર વાહન ચલાવતા ઈસમો સામે કાર્યવાહી કરાઈ હતી.

આ કામગીરી દરમિયાન કાળા કાચના ૫૮, ફેન્સી નંબર પ્લેટના ૩૭, દારૂ પી ને ડ્રાઈવિંગના ૭ સહિત અનેક કેસ નોંધાયા હતા. કુલ એન.સી. ૧૫૮ કેસમાં રૂ.૧,૦૦,૬૦૦ દંડ વસુલવામાં આવ્યો હતો તેમજ ૧૧ વાહનો ડીટેઈન કરાયા હતા. ઉપરાંત પ્રોહીબીશનના કુલ ૭ કેસ નોંધાયા જેમાં રૂ.૬,૪૦૦/- નો દારૂનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. આ સાથે નવા વર્ષના ઉત્સવ દરમિયાન શાંતિ અને સુરક્ષા જળવાય રહે તે હેતુથી પોલીસ દ્વારા આવી કાર્યવાહી આગળ પણ ચાલુ રાખવાની સૂચના આપવામાં આવી છે.

# મોરબી વ્યાસ યુવા સંગઠન દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ, મેલોડી-૧૧ વિજેતા અને એમ્પોરર-૧૧ રનરઅપ બન્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી વ્યાસ યુવા સંગઠન દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. રોમાંચક મુકાબલાઓ બાદ મેલોડી-૧૧ ટીમ વિજેતા બની હતી, જ્યારે એમ્પોરર-૧૧ ટીમ રનરઅપ રહી હતી. ટુર્નામેન્ટ બાદ વિજેતા અને રનરઅપ ટીમો સહિત શ્રેષ્ઠ ખેલાડીઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મોરબી વ્યાસ યુવા સંગઠન દ્વારા તારીખ ૨૮ રવિવારના રોજ ધ રોઅર ક્રિકેટ એકેડેમીના મેદાન ખાતે ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. મોરબી મચ્છુકાંઠા વિસ્તારમાં રહેતા વ્યાસ સમાજના યુવાનો દ્વારા ક્રિકેટ ઓક્શન યોજાઈ હતી, જે અન્વયે ચાર ટીમો ધનશ્રી-



૧૧, મેલોડી-૧૧, એમ્પોરર-૧૧ અને નટખટ-૧૧ રચવામાં આવી હતી, જેમાં કુલ ૬૬ યુવાનોનું રજીસ્ટ્રેશન થયું હતું. સવારે આઠ વાગ્યાથી ચારેય ટીમો વચ્ચે ક્રિકેટ મેચ યોજાઈ હતી. અને અંતિમ ચરણમાં મેલોડી-૧૧ ટીમ વિજેતા જાહેર થઈ હતી, જ્યારે એમ્પોરર-૧૧ ટીમ રનરઅપ રહી હતી. ટુર્નામેન્ટના સમાપન પ્રસંગે વ્યાસ જ્ઞાતિના અગ્રણીઓ, મોભીઓ અને યુવા સંગઠનના સભ્યોના હાથે વિજેતા, રનરઅપ તથા શ્રેષ્ઠ બેટિંગ અને બોલિંગ કરનાર ખેલાડીઓને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે યુવાનોને ભવિષ્યમાં પણ આવા સામાજિક અને રમતગમતના કાર્યક્રમો યોજતા રહે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# મોરબીના લખધીરપુર ગામે સીરામીક ફેક્ટરીમાં ફોર-ક્લિપની ઠોકરે શ્રમિક મહિલાનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના લખધીરપુર ગામે કઝારીયા સીરામીક કંપનીમાં ફોર ક્લિપ વાહનની ઠોકરે ઝાડુ મારી રહેલ મહિલાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. જેમાં શ્રમિક મહિલાને માથાના ભાગે ગંભીર ઇજા પહોંચી હતી. ત્યારે ટૂંકી સારવારમાં શ્રમિક મહિલાએ દમ તોડ્યો હતો. ત્યારે અકસ્માતના બનાવ અંગે મૃતકના પતિની ફરિયાદને આધારે તાલુકા પોલીસે આરોપી ફોર-કલીપ વાહનના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી તાલુકાના લખધીરપુર ગામની સીમમાં આવેલ કઝારીયા વિટ્રીફાઇડ કંપનીના લેબર ક્વાર્ટરમાં રહેતા મૂળ મધ્યપ્રદેશના જાંબુઆ જીલ્લાના અંતરવેલીયા ગામના રહેવાસી કમેશ ભગા ગમાર ઉવ.૨૬ એ મોરબી તાલુકા પોલીસ સમક્ષ કંપનીની ફોર-કલીપ વાહન રજી.નં. જીજે-૧૨-બીજે-૮૬૮૮ ના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૨૮/૧૨ ના રોજ તેમની પત્ની પપીતા અને બહેન રેખા કઝારીયા વિટ્રીફાઇડ કંપનીની પોલીસિંગ લાઇન-૨ પાસે ઝાડુ મારવાનું કામ કરી રહ્યા હોય તે દરમિયાન ટાઇલ્સ ઉપાડવાની ફોર-કલીપના ચાલકે પોતાના હવાલા વાળું વાહન પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી આવી, પપીતાબેનને હડફેટે લેતા તેણીને માથાના ભાગે અને શરીરે ગંભીર ઇજાઓ પહોચી હતી, જે અકસ્માત બાદ તુરંત તેણીને કંપનીની એમબ્યુલન્સ મારફત સમર્પણ હોસ્પિટલ ખાતે લાવતા જ્યાં ફરજ ઉપરના ડોક્ટરે સારવાર દરમિયાન પપીતાબેનને મરણ ગયાનું જાહેર કર્યું હતું. હાલ તાલુકા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં ઉછીના નાણા પરત માંગી યુવકને મોતની ધમકી આપી મરવા મજબુર કરનાર ત્રણેય આરોપીની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં હાથ ઉછીના રૂપિયા પરત માંગતા યુવક અને તેના સાળાને જાનથી મારી નાખવાની ધમકી આપી હેરાન કરવાના બનાવમાં ધમકી અને માનસિક ત્રાસથી એક યુવકે ઝેરી દવા પી આત્મહત્યા કરી હોવાનું બહાર આવ્યું છે. મૃતકની સુસાઈડ નોટના આધારે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. હાલ સમગ્ર મામલે વધુ તપાસનો તજવીજ શરૂ કરવામાં આવી છે.

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગંભીર ગુનામાં તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં ફરીયાદી હર્ષદભાઈ લીખીયાએ આરોપી આશીષ પાડલીયા અને કમલેશ ઉર્ફે મહેશ માંડવીયાને હાથ ઉછીના રૂપિયા આપેલા હતા, પરંતુ આરોપીઓ રૂપિયા પરત ન આપતા ફરીયાદી અને તેમના સાળા વિપુલભાઈ વિડજાએ રકમની માંગણી કરી હતી. આ બાબતે આરોપીઓએ પૈસા પરત ન આપવા માટે ફરીયાદી અને મરણજનારને પોલીસ કેસ કરવાની ધમકી આપી તેમજ રૂબરૂ અને ફોન દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપી સતત હેરાન પરેશાન કર્યા હતા. આ માનસિક ત્રાસથી ફરિયાદીના સાળા વિપુલભાઈ વિડજાએ ઝેરીદવા પી આત્મહત્યા કરી હતી. મૃતકે મરતાં પહેલાં આરોપીઓ



વિરુદ્ધ સુસાઈડ નોટ લખી હોવાનું તેમના પિતાએ રજૂ કરતાં પોલીસે તે નોટ તપાસમાં કબ્જે લીધી છે. ત્યારે આ ગંભીર ગુનામાં પોલીસે આરોપી (૧)આશીષભાઈ રમેશભાઈ પાડલીયા ઉવ.૨૫ રહે.લક્ષ્મીનગર ગામ તા.જી. મોરબી, (૨)હિતેષભાઇ વાસુદેવભાઈ દસાડીયા ઉવ.૩૫ રહે.હાલ સંકલ્પ હાઇટસ કામધેનુ પાર્ક સોસાયટી પંચાસર રોડ મોરબી મુળ રહે.સુલતાનપુર વિશાલનગર ગામ તા.માળીયા મી.જી.મોરબી તથા (૩)કમલેશ ઉર્ફે મહેશ મનુભાઈ માંડવીયા ઉવ.૪૮ રહે.હાલ શ્યામ-૨ સોસાયટી પંચાસર રોડ મોરબી મુળ રહે.કેશરીયા તા.લખતર જી.સુરેન્દ્રનગર વાળાની ધરપકડ કરી છે. સમગ્ર મામલે બી ડિવિઝન પોલીસે આરોપીઓ સામે બીએનએસ કલમ ૧૦૮, ૩૫૧(૩), ૫૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# મોરબી એલસીબીએ લીલાપર ગામે દેશી દારૂ ગાળવાની બે ભઠ્ઠીઓ પર દરોડો પાડી એકને ઝડપ્યો, બે ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી પોલીસે લીલાપર ગામે દેશી દારૂ ગાળતી બે અલગ અલગ ભઠ્ઠીઓ પર રેઈડ કરી મોટી કાર્યવાહી હાથ ધરી છે. રેઈડ દરમિયાન એક આરોપીને ઝડપી લેવામાં આવ્યો છે, જ્યારે બે આરોપીઓ ફરાર હોવાનું બહાર આવ્યું છે. બંને સ્થળેથી દેશી દારૂ, આથો તથા ભઠ્ઠીના સાધનો સહિત કુલ રૂ. ૮૯,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ સાથે પોલીસે પ્રોહિબીશન કાયદા મુજબ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મોરબી એલસીબી ટીમે લીલાપર ગામ વિસ્તારમાં દેશી દારૂના ગેરકાયદે ધંધા સામે અસરકારક કાર્યવાહી કરી હતી. લીલાપર રોડ પર કાળીપાટ ઈંટોના ભઠ્ઠા પાસે આવેલા આરોપી રણજીતભાઈ નાગજીભાઈ દેગામાના કબ્જા ભોગવટાવાળા ડેલામાં રેઈડ દરમિયાન દેશી દારૂ બનાવતી ભઠ્ઠી ઝડપાઈ હતી. ત્યાંથી ગરમ આથો ૨૦૦ લીટર, ઠંડો આથો ૪૦૦ લીટર, દેશી દારૂ ૯૦ લીટર, ગોળ તથા ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂ. ૬૨,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. આ સ્થળે મજૂર તરીકે કામ કરતો તુલશીભાઈ રણછોડભાઈ પરમાર ઉવ.૩૨ રહે.કાળી પાટ ઈંટોના ભઠ્ઠા નજીક રણજીતભાઈના ડેલામાં મૂળ રહે. સરવડ તા.માળીયા(મી) વાળો ઝડપાયો હતો, જ્યારે મુખ્ય આરોપી રણજીતભાઈ દેગામા રહે. લીલાપર વાળો રેઈડ દરમિયાન હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવ્યો હતો.

આ ઉપરાંત લીલાપર રોડ ઉપર કાળીપાટ ઈંટોના ભઠ્ઠા નજીક વોકળાના કાંઠે જાહેરમાં ચાલતી દેશી દારૂની બીજી ભઠ્ઠી પર પણ એલસીબીએ રેઈડ કરી હતી. અહીંથી ગરમ આથો ૧૦૦ લીટર, ઠંડો આથો ૩૦૦ લીટર, દેશી દારૂ ૭૦ લીટર તેમજ ભઠ્ઠીના સાધનો મળી કુલ રૂ. ૨૬,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ ભઠ્ઠીનું સંચાલન પણ આરોપી તુલશીભાઈ રણછોડભાઈ પરમાર ઉવ.૩૨ રહે.કાળીપાટ ઈંટોના ભઠ્ઠા નજીક રણજીતભાઈના ડેલામાં મૂળ રહે. સરવડ તા.માળીયા(મી) વાળો કરતો હોય જ્યારે રેઈડ દરમિયાન મુખ્ય આરોપી સંજયભાઈ નાગજીભાઈ દેગામા રહે. લીલાપર ગામ વાળો રેઈડ દરમિયાન હાજર નહિ મળી આવતા તેને પણ ફરાર જાહેર કર્યો છે. બંને મામલામાં તાલુકા પોલીસ મથકે પ્રોહિબીશન કલમ હેઠળ ગુનો નોંધાવી, ફરાર બંને આરોપીઓની એલસીબી દ્વારા શોધખોળ શરૂ કરી છે.

# સૈનિક સ્કૂલ બાલાચડી ખાતે ઈન્ટરહાઉસ ઓબ્સ્ટેકલ સ્પર્ધા યોજાઇ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની સૈનિક સ્કૂલ બાલાચડી દ્વારા તાજેતરમાં ખૂબજ ઉત્સાહ અને સ્પર્ધાત્મક ભાવના સાથે ઈન્ટર હાઉસ ઓબ્સ્ટેકલ સ્પર્ધા ૨૦૨૫-૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળા દ્વારા કેડેટ્સની શારીરિક સહનશક્તિ, ચપળતા, હિંમત અને ટીમવર્કનું પરીક્ષણ કરવા માટે આયોજિત કરી અનોખી વાર્ષિક સ્પર્ધાઓમાંની આ એક સ્પર્ધા છે. જેમાં પાંચ સિનિયર હાઉસના ધોરણ ૯થી૧૧ના કેડેટ્સે સ્પર્ધામાં ભાગ લીધો હતો.કેડેટ્સે સ્ટ્રેટબેલેન્સ, ગેટવોલ્ટ, એલ્બોલિફ્ટ, ઝિગ-ઝેગબેલેન્સ, ડબલડિચ, બર્માબ્રિજ, એઇટફીટવોલ, સ્ક્રેમ્બલનેટ, મંકીરોપ, વર્ટિકલરોપ, ક્રોલ અને રેમ્પ જેવા પડકારજનક અવરોધોની શ્રેણીનો સામનો કરીને નોંધપાત્ર સહનશક્તિ અને નિશ્ચય દર્શાવ્યો હતો. લગભગ તમામ કેડેટ્સે તેમની કઠોર તાલીમ અને શિસ્તને પ્રતિબિંબિત કરતા અવરોધોને સફળતા પૂર્વક પાર કર્યા.ખૂબજ સ્પર્ધાત્મક ઈવેન્ટ પછી, શિવાજીહાઉસ ઈન્ટરહાઉસ ઓબ્સ્ટેકલ કોમ્પિટિશન ૨૦૨૫-૨૬ના વિજય પ્રાપ્ત કર્યો અને ૧૭મિનિટ અને ૦૪સેકન્ડના પ્રભાવશાળી સમયમાં કોર્સ પૂર્ણ કરીને ચેમ્પિયનશિપ ટ્રોફી જીતી.આંગ્રેહાઉસેરનર્સ-અપસ્થાન મેળવ્યું. વ્યક્તિગત કેટેગરીમાં, કેડેટ પંકજે પ્રથમસ્થાન મેળવ્યું, ત્યારબાદ કેડેટ રુદ્ર બીજા સ્થાને અને કેડેટ સુજલે ત્રીજા સ્થાને રહ્યા.સૈનિક સ્કૂલ બાલાચડીના આચાર્ય કર્નલ શ્રેયશ મહેતાએ વિજેતા હાઉસને ચેમ્પિયનશિપ ટ્રોફી આપી. આ પ્રસંગે, અધિકારીઓ અને સ્ટાફે વિજેતાઓને અભિનંદન આપ્યા અને તમામ કેડેટ્સના ઉત્સાહ પૂર્ણ ભાગીદારી અને પ્રશંસનીય પ્રયાસોની પ્રશંસા કરી.

# મોરબીમાં શાળાના વિદ્યાર્થીઓએ મહાનગરપાલિકાની વિવિધ શાખાઓની મુલાકાત લીધી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાના એક વર્ષ પૂર્ણ થવાના અવસરે શહેરની શાળાના વિદ્યાર્થીઓ માટે વિશેષ શૈક્ષણિક મુલાકાત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં નાગરિક જાગૃતિ અને મનપાની કાર્યપદ્ધતિ અંગે પ્રત્યક્ષ અનુભવ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કુલ ૯ શાળાના ૧૩૫ વિદ્યાર્થીઓએ મનપાની વિવિધ શાખાઓની મુલાકાત લીધી હતી.

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરની શાળાના વિદ્યાર્થીઓ માત્ર પાઠ્યપુસ્તક જ્ઞાન સુધી સીમિત ન રહે પરંતુ તેમનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી વિશેષ શૈક્ષણિક મુલાકાત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧ ઉજવણી અંતર્ગત ગાંધી ચોક સ્થિત મહાનગરપાલિકાની મુખ્ય





કચેરી ખાતે આ મહત્વપૂર્ણ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં મોરબી શહેરની કુલ ૯ શાળાઓના દરેકમાંથી ૧૫ વિદ્યાર્થીઓ એમ કુલ ૧૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના પ્રથમ તબક્કામાં વિદ્યાર્થીઓ કમિશનર સ્વપિનલ ખરે સાથે બ્રિજની કામગીરીની સાઈટ વિઝીટ પર ગયા હતા, જ્યાં તેમને મહાનગરપાલિકા બન્યા બાદ થતા વિકાસકાર્યો અંગે માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને ટેક્સ, ઈલેક્ટ્રીક, ગાર્ડન, પ્રોજેક્ટ પ્લાનિંગ, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સહિતના વિભાગોની કામગીરી વિશે પ્રત્યક્ષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અંતે યોજાયેલા પ્રશ્નોતરી સત્રમાં વિદ્યાર્થીઓએ ટ્રાફિક, કમ્પ્લેન સિસ્ટમ, લીગલ બાબતો સહિતના પ્રશ્નો પૂછ્યા, જેના નિવારણ માટે નાયબ કમિશનરે મનપાની કાર્યશૈલી સમજાવી હતી. આ શૈક્ષણિક સેશનમાં કમિશનર સ્વપિનલ ખરે, નાયબ કમિશનર કુલદીપસિંહ વાળા તથા નાયબ કમિશનર સંજય સોની ઉપસ્થિત રહ્યા હતા.

# મકરસંક્રાંતિના પર્વને અનુસંધાને પ્રતિબંધીત સાધન સામગ્રીના ઉત્પાદન, વેંચાણ તથા સંગ્રહ ઉપર પ્રતિબંધાત્મક આદેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં આગ, અકસ્માતના બનાવો ન બને અને જાહેર સલામતી માટે ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન, ચાઈનીઝ લોન્ચર તથા પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાઈનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટીક દોરી, નાયલોન દોરી જેવી પ્રતિબંધીત સાધન સામગ્રીના ઉત્પાદન, વેંચાણ તથા સંગ્રહ ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ આદેશો પોલીસ કમિશનર, રાજકોટ શહેર, રાજકોટની હકુમત સિવાયના સમગ્ર રાજકોટ ગ્રામ્ય જિલ્લાનાં વિસ્તારમાં લાગુ પડશે, જેનો ભંગ કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર થશે.આ હુકમો તા.૦૫/૦૧/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

# રાજકોટમાં ૭ જાન્યુઆરીએ યોજાશે હેલ્ધી બેબી કોમ્પિટિશન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બાળક કુદરતે આપેલી અનમોલ ભેટ છે બાળકનો વિકાસ યોગ્ય રીતે થઈ રહ્યો છે કે કેમ તે માટે શહેરની જાણીતી પાયલ મેટરનીટી હોસ્પિટલ દ્વારા આગામી તારીખ ૭ જાન્યુઆરીના હેલ્ધી બેબી કોમ્પિટિશનનું એક સુંદર આયોજન કરાયું છે જેમાં આપનું બાળક તંદુરસ્ત છે કે કેમ, તેની સ્માર્ટનેસ બરાબર છે કે નહીં, તેનું નયુટ્રેશન બરાબર છે કે કેમ,સાથે સાથે બાળકનું યુમીનાઈઝેશન યોગ્ય છે કે કેમ તેની સંપૂર્ણ તપાસ શહેરના નામાંકિત પીડીયાટ્રીશીયન, ચાઇલ્ડ સાયકોલોજિસ્ટ તેમજ ન્યુટ્રિશિયન દ્વારા કરવામાં આવશે આ હેલ્ધી બેબી કોમ્પીટીશનને સુંદર પ્રતિસાદ મળ્યો છે.

# સૌરાષ્ટ્ર યુનિ.કર્મચારી કો-ઓ.હાઉસિંગ સોસાયટી દ્વારા ઇ.એન. ટી. સર્જન ડો. સેજલ ભટ્ટનું ગરિમાપૂર્ણ સન્માન કરાયું



## ઈ. એન. ટી. સર્જન ડો. સેજલબેનની મેડીકલ સાયન્સ ક્ષેત્રેની સેવાઓ અનુકરણીયઃ સાંસદ રામભાઈ મોકરિયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાસે આવેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો-ઑપરેટીવ હાઉસિંગ સોસાયટીનાં સભ્યોના સ્નેહ મિલનનો સમારોહ તા.૨૪ ડિસેમ્બરના રાજ્ય સભાના લોકપ્રિય સદસ્ય રામભાઇ મોકરિયાનાં અધ્યક્ષસ્થાને યોજાયેલ.આ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં કુલપતિ પ્રોફે. ઉત્પલ જોશી મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યાં હતાં. સ્વાગત પ્રવચન સોસાયટીના પ્રમુખ પ્રોફે. જયદીપસિંહ ડોડિયાએ કરેલ.

આ પ્રસંગે રાજકોટ સીવીલ હોસ્પિટલનાં ઈ. એન. ટી. વિભાગના સિનિયર સર્જન ડો. સેજલબેન ભટ્ટનું તેની મેડિકલ સાયન્સ ક્ષેત્રની સેવાઓને બિરદાવી તેમનું ગરિમાપૂર્ણ સન્માન કરવામાં આવ્યું હતું.. તેમજ સોસાયટીના મુખપત્ર ઉજાસ ૨૦૨૫નું સાંસદ રામભાઇ મોકરિયા, કુલપતિ પ્રોફે. ઉત્પલ જોશી અને ઉપસ્થિત મહાનુભાવોનાનાં હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. સન્માનિત ડો. સેજલબેન ભટ્ટે કોરોના મહામારી વખતે મ્યુકરમાયકોસિસ નાં દર્દીઓની સફળ સર્જરી તેમની ટીમ માટે કેટલી પડકાર રૂપ હતી તેની ટૂંકમાં માહિતી આપી હતી.

ઈ. એન. ટી. સર્જન ડો. સેજલબેનની મેડીકલ સાયન્સ ક્ષેત્રેની સેવાઓને સાંસદ રામભાઇ મોકરિયાએ પોતાના અધ્યક્ષીય ઉદબોધનમાં બિરદાવી હતી અને કોરોનાના કપરા કાળ માં સતત બે મહિના સુધી રોજ ૧૫ કલાક સુધી ઓપરેશન કરી અને અનેક રાજકોટ વાસીઓની જાન બચાવી હતી. તે બાબતે તેણે અભિનંદન પાઠવેલા. સોસાયટી છેલ્લા ત્રેપન વર્ષથી ઉત્તરોતર પ્રગતિ કરી રહી છે તે જાણી રાજીપો વ્યક્ત કરેલ.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઇસ.ચાન્સલર ડો.ઉત્પલ ભાઈ જોષીએ પણ તેમના વક્તવ્યમાં જણાવ્યું કે આ સોસાયટી સાથે અનેરો નાતો છે અને છેલ્લા ઘણા વર્ષોમાં સોસાયટી એ હરણફાળ સમી પ્રગતિ કરી છે.. સાથો સાથ તેમણે ડો સેજલબેન ને પણ મેડીકલ સાયન્સ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ અભિનંદન આપેલ..

આ પ્રસંગે સોસાયટીનાં પ્રમુખ પ્રોફે. જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ ઉદ્યોગપતિ સજી મેથ્યુ, સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન અજયભાઈ જોશી , સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટના મે. ટ્રસ્ટી અલ્કાબહેન વોરા અને વા. ચેરમેન કૌશિક મહેતા ઉપસ્થિત રહ્યા હતા .આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોસાયટીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડિયા, ઉપપ્રમુખ સજી મેથ્યુ,માનદ મંત્રી અજયભાઈ જોશી, સહમંત્રી અજયસિંહ એમ. પરમાર તથા રમેશ સભાયા, ડૉ.અનામિકભાઈ શાહ, ઉદ્યોગપતિ શૈલેષ પટેલ, જિતેશકુમાર એમ. પંડિત, કૈલેશકુમાર તન્ના,ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભરતભાઈ વાજા, ડૉ.દર્શન ભટ્ટ, ડી.પી. ત્રિવેદી, ઉદ્યોગપતિ જીથ સુકુમારન નાયર, મૌલિકસિંહ ભટ્ટી, એચ. એમ. રાજા , પ્રો.હરિભાઈ કગથરા , કવિ દિલીપભાઈ જોશી, યોગેશભાઈ જોશી વગેરે એ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન નારાયણી હોસ્પિટલના સિનિયર પેઇન ફિઝીસ્યન ડો. ચેતનાબા જાડેજાએ કરેલ અને આભાર વિધિ અજયભાઈ જોશીએ કરેલી. ઉજાસ ૨૦૨૫નાં સંપાદન કાર્યમાં લબ્ધપ્રતિષ્ઠિત કવિ દિલીપભાઈ જોશીનો સહયોગ મળ્યો હતો.

# આરોગ્ય ક્ષેત્રે વધુ એક સીમા ચિન્હ રાજકોટ જિલ્લાની ૧૯ આરોગ્ય સંસ્થાઓ NQAS પ્રમાણિત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાની ૧૯ આરોગ્ય સંસ્થાઓને નેશનલ ક્વોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ(NQAS) માટે પ્રમાણિત કરવામાં આવી છે. જેમાં સરપદડ, ગઢકા, ખીરસરા, ધોળીધાર, સાતોદડ, સણોસરા, જેતલસર, મેવાસા, મોવિયા, ઢાંક અને નવી મેંગણીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉપરાંત ખંભાળા, મેટોડા,લોધીકા, હરિપર પાળ, મોટા રામપર , કેરાડી, સર્વોદય, કોઠારિયા સહિતના આયુષ્માન આરોગ્ય મંદિરોનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદના સતત માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગે ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓના ક્ષેત્રે વધુ એક નોંધપાત્ર સીમાચિન્હ હાંસલ કર્યું છે. રાજકોટ જિલ્લાની કુલ ૧૯ આરોગ્ય સંસ્થાઓને નેશનલ ક્વોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ (NQAS) નું પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે, જે જિલ્લાની આરોગ્ય સેવાઓની ઉચ્ચ ગુણવત્તા અને કાર્યક્ષમતા દર્શાવે છે. આ સિદ્ધિના પરિણામે, આ તમામ આરોગ્ય કેન્દ્રોને આગામી ત્રણ વર્ષ માટે રૂ. ૩ લાખની પ્રોત્સાહન સહાય પણ મંજૂર કરવામાં આવી છે, જેનાથી આરોગ્ય સેવાઓને વધુ સશક્ત અને ગુણવત્તાયુક્ત બનાવવામાં મદદ મળશે. મૂલ્યાંકન પ્રક્રિયા દરમિયાન અનુભવી નિષ્ણાત મૂલ્યાંકનકારોની ટીમ દ્વારા આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ આરોગ્ય સેવાઓની ગુણવત્તા, સ્વચ્છતા અને સફાઈ વ્યવસ્થા, દર્દીઓની સુરક્ષા, આવશ્યક દવાઓની ઉપલબ્ધતા, રેકોર્ડ સંભાળવાની સુવ્યવસ્થિત પદ્ધતિ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સંક્રમણ નિયંત્રણની પ્રક્રિયાઓ તેમજ માતા-શિશુ આરોગ્ય સેવાઓ સહિતના વિવિધ મહત્વપૂર્ણ પાસાઓનું વિગતવાર મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

# અપહૃત-ગુમશુદાની ભાળ તથા મૃતકના વાલી-વારસની જાણકારી આપવા અંગે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં ભગવતીપરામાંથી સગીરાનું અજાણ્યો ઇસમ ગત તા. ૧૩ ડિસેમ્બરના રાત્રે આશરે દસ વાગ્યાની આસપાસ અપહરણ કરી ગયો છે. તરુણી મધ્યમ બાંધો, ઘઉં વર્ણ, આશરે ૦૫ ફીટ ઊંચાઈ ધરાવે છે. તેણે બ્લ્યુ કુર્તી તથા સ્કાઇ કલરનો પ્લાઝો પહેરેલો છે. તરુણી વિશે જાણ થાય તો રાજકોટ શહેર બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

આ ઉપરાંત, રાજકોટના વાવડીમાં વિશ્વકર્મા સોસાયટી ખાતે રહેતા રાહુલકુમાર સુનીલ મંડલ (ઉ.વ. ૧૮) ગત તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ઘરેથી ક્યાંક જવા નીકળી ગયા છે. તેમના ડાબા હાથ ઉપર અંગ્રેજીમાં '''' ત્રોફાવેલું છે અને તે અસ્થિર મગજના છે. જો ગુમશુદા વિશે કોઈ માહિતી મળી આવે તો રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના ફોન નંબર ૦૨૮૧-૨૫૬૩૩૪૦, મો.નં. ૬૩૫૯૬ ૨૭૪૧૫ અથવા મો.નં. ૯૭૧૨૫ ૨૨૩૫૫ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

વધુમાં, રાજકોટ શહેરમાં પુષ્કરધામ આર.એમ.સી.ના ક્વાર્ટરમાં રહેતા જયેશભાઇ ડાયાલાલ પોપટ (ઉ.વ. ૫૨) ગત તા. ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ના રાત્રે ૧૦.૩૦ વાગ્યે ઘી કાંટા રોડ, બંગડી બજારથી ગુમ થયા છે. જો તેમના વિશે માહિતી મળે તો રાજકોટ શહેર એ ડિવિઝન પોલીસ સ્ટેશનના ફો.નં. ૦૨૮૧૨-૨૨૬૬૫૯, મો. નંબર ૬૩૫૯૬ ૨૭૪૩૬ અથવા રાજકોટ શહેર પોલીસ કંટ્રોલ રૂમના ફોન નંબર ૦૨૮૧-૨૪૫૭૭૭૭ પર જાણ કરવા યાદીમાં જણાવાયું છે.

ઉપરાંત, રાજકોટ શહેરમાં આર.એમ.સી. ઓફીસ ગેઇટ નંબર-૦૧ આજુબાજુ રખડતું ભટકતું જીવન જીવનારા આશરે ૪૦ વર્ષીય અશોકભાઈ સુરેન્દ્રભાઈ યાદવ ગત તારીખ ૨૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બીમારી સબબ આર.એમ.સી. કચેરી ગેટ નંબર ૦૧ પાસેથી બેભાન હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવારમાં દાખલ થયા હતાં. જેને ચાલુ સારવાર દરમિયાન ફરજ પરના ડોક્ટરે તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ મૃત જાહેર કર્યા હતાં. મૃતકે ક્રિમ ટી-શર્ટ તથા આછું ગ્રે પેન્ટ પહેરેલું છે, કાળા વાળ તથા કાળી દાઢી છે, આંખ પાસે તથા ખંભા પર કાળુ નિશાન છે. તેઓ પાતળો બાંધો, ઘઉં વર્ણ ધરાવે છે. તેમના વાલી-વારસ અંગે જાણ થાય તો એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે સંપર્ક કરવા એ ડિવિઝન પોલીસ મથકની યાદીમાં જણાવાયું છે.

# મોરબી મનપા વિસ્તારમાં ડ્રેનેજ નેટવર્કના ફેસ-૧ અને ફેસ-૨ના કામને સરકારની સૈદ્ધાંતિક મંજૂરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક વિકસાવવા માટે ફેસ-૧ અને ફેસ-૨ના કામને મંજૂરી મળેલ છે. ખુલ્લી ડ્રેનેજ, પાણી ભરાવા અને ગંદાપાણીના ઓવરફ્લોથી ઉભી થતી સમસ્યાઓને ધ્યાને રાખી આ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. કુલ અંદાજિત રૂ. ૨૧.૯૪ કરોડના ખર્ચે શહેરના વિવિધ વિસ્તારોમાં નવી ડ્રેનેજ લાઈનો નાંખવામાં આવશે.

મોરબી શહેર મહાનગરપાલિકા તરીકે અપગ્રેડ થયા બાદ સતત વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યું છે.

જોકે શહેરના અનેક વિસ્તારોમાં હજુ ખુલ્લી ડ્રેનેજ લાઈનો હોવાથી ગંદાપાણીનો ઓવરફ્લો, અનિયમિત કનેક્ટિવિટી અને પાણી ભરાવાની સમસ્યાઓ સર્જાઈ રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મોરબી મહાનગરપાલિકા દ્વારા વિસ્તૃત સર્વે કરી ડીપીઆર તૈયાર કરીને સરકાર સમક્ષ દરખાસ્ત મુકવામાં આવી હતી, જેને સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ફેસ-૧માં નહેરુ ગેટથી દરબારગઢ વિસ્તાર સુધી રૂ. ૧૧.૮૪ કરોડના ખર્ચે ૨૨ કિ.મી. લાંબી ડ્રેનેજ લાઈનો નખાશે, જ્યારે ફેસ-૨માં લાયન્સનગર, મહેન્દ્રપરા, માધાપર સહિતના વિસ્તારોમાં રૂ. ૧૦.૧૦ કરોડના ખર્ચે ૧૭.૮ કિ.મી. ડ્રેનેજ લાઈનો વિકસાવવામાં આવશે. આધુનિક ટેકનોલોજી, મોટા વ્યાસના પાઈપ, ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર તથા એસટીપી સાથે જોડાયેલ નેટવર્કથી મચ્છુ નદીમાં જતું ગંદુપાણી અટકાવવામાં આવશે. આ પ્રોજેક્ટથી પાણી ભરાવામાં ઘટાડો, જાહેર આરોગ્યમાં સુધારો અને શહેરના નાગરિકોને વધુ સારી અને ટકાઉ જીવન ગુણવત્તા મળવાની મોરબી મહાનગરપાલિકાએ આશા વ્યક્ત કરી છે. તેમ યાદીમાં જણાવાયું છે.

# એનડીપીએસના ગુનામાં પુરાવાના અભાવે મહિલા આરોપીનો નિર્દોષ છૂટકારો

## જંગલેશ્વરમાંથી ૨.૪૧૦ કી.ગ્રા. ગાંજાના જથ્થા સાથે પોલીસે ઝડપી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જંગલેશ્વર વિસ્તારમાંથી ગાંજાના જથ્થા સાથે ઝડપાયેલી મહિલા આરોપી સામેનો કેસ સાબિત નહીં થતા કોર્ટે નિર્દોષ મુક્ત કરવા હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ ભક્તિનગર પોલીસે બાતમીના આધારે જંગલેશ્વર વિસ્તારમાં રહેતી અમીનાબેન હમીદભાઈ સુણાના ઘરે દરોડો પાડી ૨.૪૧૦ કી.ગ્રા.ગાંજાના જથ્થા સાથે ઝડપી લીધી હતી. ભક્તિનગર પોલીસે ગઉડજ એક્ટની કલમ ૮(સી), ૨૦, ૨૯ મુજબ ગુનો દાખલ કર્યો હતો. કેસ ચાલી જતા આરોપીના વકીલ દ્વારા બચાવ સાથે દલીલો કરવામાં આવી હતી કે વજનકાંટાનું સર્ટીફીકેટ સાબિત થતું નથી, એક્ટની કલમ ૫૭ નું પાલન થયું નથી, બાકીનો રહેતો જથ્થો કોર્ટે સમક્ષ આવેલ નથી અને તે સંબંધે ફરિયાદપક્ષે કોઈ ખુલાસો કરેલ નથી, જે મુદ્દામાલ માં મોકલવામાં આવેલ તે અદાલત સમક્ષ આવેલ નથી, ફોટોગ્રાફી તથા વિડિયોગ્રાફી કરવામાં આવેલ નથી, એક્ટની કલમ ૫૨(એ) નું પાલન કરેલ નથી જેવી દલીલો અને રજુ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને કોર્ટે આરોપી અમીનાબેન સુણાને નિર્દોષ મુક્ત કરતો સામેની કેસ હુકમ કર્યો છે.

આ કામમાં આરોપી વતી રાજકોટના પી.એમ. શાહ લો ફર્મના સીનીયર એડવોકેટ પીયુષભાઈ એમ. શાહ, અશ્વિનભાઈ ગોસાઈ, નિતેષભાઈ કથીરિયા, નીવીદભાઈ પારેખ, જીતેન્દ્રભાઈ ધુળકોટીયા, વિજયભાઈ પટગીર, હર્ષિલભાઈ શાહ, ચિરાગભાઈ શાહ, રાજેન્દ્રભાઈ જોશી, રવિરાજભાઈ વાળા, આસિસ્ટન્ટ સંજયભાઈ મેરાણી, મિહિરભાઈ શાહ, રાજાભાઈ ભટ્ટ અને વિપુલભાઈ દેવમુરારી રોકાયા હતા.

# હળવદના સાપકડા ગામે ખેડૂતના મકાન માંથી જાણભેદુ દ્વારા રૂ.૫૦ હજારના સોના-ચાંદીના દાગીનાની ચોરી

## પરિવાર સહિત કામે ગયા તે સમયે જાણભેદુ ચોરો તાળા ખોલી સોના-ચાંદીના દાગીનાઓ ઉઠાવી ગયા

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના સાપકડા ગામે ખેડૂતના બંધ મકાનમાંથી જાણભેદુ શખ્સે સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હોવાની ફરિયાદ નોંધાઈ છે. પરિવાર ખેતરે ખેતી કામે ગયેલો ત્યારે દિવસ દરમિયાન મકાનના તાળા ખોલી તિજોરીમાંથી કુલ રૂ. ૫૦ હજારની માલમત્તા ઉઠાવી ગયા હોવાનું સામે આવ્યું છે. હાલ હળવદ પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

હળવદ તાલુકાના સાપકડા ગામે રહેતા ખેડૂત લક્ષ્મણભાઈ રતુભાઈ જાંબુકિયાએ હળવદ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા. ૧૭/૧૨ના રોજ તેઓ પત્ની તથા સંતાનો સાથે ગામની સીમમાં આવેલી પોતાની વાડીએ ખેતી કામ માટે ગયા હતા. તે સમયે મકાનના મુખ્ય દરવાજા સહિત તમામ દરવાજાઓ પર તાળા મારેલા હતા. સાંજના સાડા પાંચ વાગ્યે ઘરે પરત ફરતા અંદર રૂમમાં રાખેલી લોખંડની તિજોરી ખુલ્લી હાલતમાં મળી આવી હતી અને સામાન વેરવિખેર પડેલો હતો. તિજોરી તપાસતા તેમાં રાખેલા ૧ કિલો ચાંદીના દાગીના જેમાં તૂટેલી સાંકળો, ઝાંઝરી, કંદોરા તેમજ ૫થી ૬ ગ્રામ સોનાના દાગીના જેની કુલ કિંમત અંદાજે રૂ. ૫૦ હજાર મળી આવ્યા ન હતા. મકાન અને અંદરના રૂમની ચાવીઓ ઘરની આસપાસ જ સંતાડીને રાખેલી હોવાથી જાણભેદુ વ્યક્તિ દ્વારા ચોરી કરવામાં આવી હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. આ અંગે હળવદ પોલીસે અજાણ્યા ચોર સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# વીરપુરમાં ૨.૧૧ કરોડથી વધુના વિદેશી દારૂ પર બુલડોઝર ફેરવાયું



## SDM, DySP, મામલતદાર, PI સહિતના અધિકારીઓની હાજરીમાં ૨૨ હજારથી વધુ બોટલોનો કરાયો નાશ

**મુખ્ય સમાચાર, વીરપુર**

વીરપુર ખાતે ૩૧ ડીસેમ્બર પહેલા જેતપુર ડિવિઝન હેઠળના વિવિધ પોલીસ સ્ટેશનોમાં પ્રોહિબિશનના ગુનાઓ હેઠળ જપ્ત કરવામાં આવેલો કરોડોની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો આજે પોલીસ અને વહીવટી તંત્રની હાજરીમાં નાશ કરવામાં આવ્યો હતો. વીરપુરના મેવાસા રોડ પરના ખુલ્લા મેદાનમાં હજારો દારૂની બોટલો પર બુલડોઝર ફેરવી તેને જમીનદોસ્ત કરવામાં આવી હતી.

વીરપુર સહિત ચાર પોલીસ સ્ટેશનનો વિદેશી દારૂનો મુદ્દામાલ એકત્ર કરાયો જેતપુર ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક રોહીતસિહ ડોડિયાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, જેતપુર ડિવિઝન હેઠળ આવતા મુખ્ય ચાર પોલીસ સ્ટેશન જેમાં વીરપુર પોલીસ સ્ટેશન, જેતપુર સિટી પોલીસ સ્ટેશન,જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન, ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન આ ચારેય વિસ્તારોમાં પ્રોહિબિશનના કુલ ૬૩ જેટલા ગુનાઓ નોંધાયા હતા, જેમાં પકડાયેલા રૂા.૨૨, ૫૮૮ નંગ (વિદેશી દારૂ અને બિયર) અંદાજિત ૨,૧૧,૯૭,૩૯૯નો દારૂનો જથો નાશ કરવાની કમિટીના અધ્યક્ષ અને ગોંડલ એસ.ડી.એમ. રાહુલ ગમારાની અધ્યક્ષતામાં આ સમગ્ર કામગીરી કરવામાં આવી હતી. આ તકે જેતપુર રોહીતસિહ ડોડીયા, જેતપુર મામલતદાર બાખલખિયા તેમજ એક્સસાઈઝ વિભાગના અધિકારીઓ તેમજ વિરપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.જી.રાઠોડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# MMC@1 ઉજવણી સપ્તાહ અંતર્ગત આજે "A Day With Commissioner" અને યુવાનો માટે કેરિયર ગાઈડન્સ સત્રનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા MMC@1 ઉજવણી સપ્તાહ અંતર્ગત આજે તા.૩૦/૧૨ના રોજ વિશેષ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જેમાં સવારે "A Day With Commissioner" કાર્યક્રમ હેઠળ શાળાના બાળકોને મહાનગરપાલિકાની કામગીરીનો પ્રત્યક્ષ અનુભવ અપાશે. જ્યારે બપોરે યુવાનો માટે કરિયર ગાઈડન્સ અને સિવિલ સર્વિસિસ માર્ગદર્શન સત્ર યોજાશે. આ કાર્યક્રમોનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકો અને યુવાનોને જાગૃતિ અને પ્રેરણા આપવાનો છે.

મોરબીમાં MMC@1 સપ્તાહની ઉજવણી અન્વયે મોરબી મહાનગરપાલિકા દ્વારા વિવિધ જનહિતકારી કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તેના ભાગરૂપે આજે તા.૩૦/૧૨ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે "A Day With Commissioner" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત શહેરની વિવિધ શાળાના બાળકો MMCના કમિશનર સ્વપિનલ ખરે સાથે જોડાઈ મહાનગરપાલિકાની દૈનિક કામગીરી, મીટિંગ્સ અને સાઈટ વિઝીટનો અનુભવ કરશે, જેથી બાળકોને ભવિષ્યમાં સિવિલ સર્વિસિસમાં જોડાવાની પ્રેરણા મળે. આ ઉપરાંત MMC@1 ઉજવણીના ભાગરૂપે આજે જ બપોરે ૩ થી ૫ વાગ્યા દરમિયાન સનાળા રોડ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ કન્યાશાળા ખાતે યુવાનો માટે કરિયર ગાઈડન્સ સત્રનું આયોજન કરાયું છે. આ સત્રમાં કમિશનર સ્વપિનલ ખરે સહિત નાયબ કમિશનર કુલદીપસિંહ વાળા, નાયબ કમિશનર સંજય સોની, હેલ્થ ઓફિસર રાહુલભાઈ કોટડીયા, ફાયર ઓફિસર દેવેન્દ્રસિંહ જાડેજા, ટીપીઓ સહિતના અધિકારીઓ યુવાનોને માર્ગદર્શન આપશે અને UPSC સહિતની સિવિલ સર્વિસિસ પરીક્ષાઓ અંગે માહિતી અને પોતાના અનુભવો શેર કરશે.

# આટકોટ પંથકમાં પાટલા સાસુ સાથે સગ્ગા બનેવીએ આચર્યું દુષ્કર્મઃ ધરપકડ

## પાટલા સાસુના સાસરે તેમજ પીયરે જતી તો ત્યાં પહોંચીને બાંધતો હતો સંબંધ, પત્નીનું મૃત્યુ થતાં સાસરીયા સામે આક્ષેપો કરતો, નાણા માગતો, અંતે ભોગ બનનાર પરણિતાની ફરિયાદ આધારે ધરપકડ

**મુખ્ય સમાચાર, આટકોટ**

આટકોટ પંથકમાં રહેતી ૩૦ વર્ષીય પરિણીતા પર ૨૫ વર્ષીય બનેવીએ દુષ્કર્મ આચર્યા અંગેની ફરિયાદ આટકોટ પોલીસ સ્ટેશનમાં નોંધવવામાં આવી છે. આરોપીએ પરિણીતાના સાસરિયે અને માવતરે જઈ શારીરિક સબંધો બાંધતા અંતે પરિણીતાએ બનેવી સામે ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, આટકોટના એક ગામે રહેતી ૩૦ વર્ષીય પરિણીતાએ આટકોટ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ફૂટના ધંધાર્થી ૨૫ વર્ષી ય સગા બનેવીનુ નામ આપ્યું છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે, આરોપી. પોતે તેણીનો સગો બનેવી થતો હોય બનેવીએ ગત ૨૦૨૦ ના મે માસમાં પરિણીતાના સાસરિયે આવી તેની એકલતાનો લાભ ઉઠાવી દુષ્કર્મ આચર્યું હતું. આટલેથી ન અટકતા પરિણીતાના જસદણ સ્થિત માવતરે જઈને પણ બદકામ કર્યું હતું.

પરિણીતાએ ફરિયાદમાં વધુમાં જણાવ્યું હતું કે, આરોપીની પત્ની (ભોગ બનનારની બહેન) માવતરે આવી હતી ત્યારે બીમારીમાં સંપડાઈ હતી. બાદમાં તેની પત્નીએ સારવાર દરમિયાન દમ તોડી દેતા તમારા લીધે જ મારી પત્નીનુ મોત થયું છે અને તેની સારવારમાં અમે અઢી લાખ રૂપિયા ખર્ચ્યા તેમ કહી રૂપિયાની ઉઘરાણી કરી હતી. જે મામલે સમાજની બેઠક મળતા તેમાં મૃતકના માવતરે અઢી લાખ આરોપીને ચૂકવવા તેવું નક્કી થયું હતું. બાદમાં તેણે પાટલા સાસુ સાથે બદકામ કરતા આટકોટ પોલીસે દુષ્કર્મની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરાઈ છે.

# મોરબી-વાંકાનેરમાં વર્લી ફીચર્સના જુગાર સામે પોલીસની કાર્યવાહી, પાંચ જુગારી ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**


મોરબી સીટી એ ડિવિઝન તથા વાંકાનેર સીટી અને તાલુકા પોલીસે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડી વર્લી ફીચર્સના આંકડાનો જુગાર રમતા કુલ પાંચ ઇસમોને ઝડપી લઇ રોકડ રકમ તથા જુગાર સાહિત્ય કબજે કર્યું છે.

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ દ્વારા પંચાસર રોડ સત્યમ હોલથી આગળ જાહેર રોડ ઉપર દરોડા પાડી ભરતભાઇ જીવરાજભાઇ સાધરીયા ઉવ.૪૮ રહે. બેન્કની પાછળ બગથરા ગામ તા. મોરબી મૂળ ખારવા જી.જામનગર વાળાને તથા મનોજભાઇ હસમુખભાઇ મિરાણી ઉવ.૪૫ રહે. વાઘપરાના નાકે વસંત પ્લોટ-૧૦ મોરબી વાળાને વર્લી ફીચર્સના આંકડાનો જુગાર રમતા ઝડપી લેવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમની પાસેથી વર્લી ફીચર્સના આંકડા લખેલી ચીઠ્ઠીઓ, બોલપેન તેમજ રોકડ રૂ. ૨,૧૫૦ અને રૂ. ૨,૨૦૦ કબજે કરવામાં આવ્યા હતા. તે જ રીતે મોરબી રવાપર ગામ જાપા પાસે જાહેર રોડ ઉપરથી અશોકભાઇ નાનાલાલ ચોગ ઉવ.૭૪ રહે. હરિ ટાવર રવાપર મોરબી વાળાને વર્લી મટકાના આંકડાનો જુગાર રમતા પકડી પાડવામાં આવ્યા હતા, જેમની પાસેથી રૂ. ૫૫૦ રોકડ તથા જુગાર સાહિત્ય જપ્ત કરાયું હતું.

આ ઉપરાંત વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા સરતાનપર રોડ સેન્સો ચોકડી પાસે જાહેર રોડ ઉપરથી મેલાભાઇ ધીરૂભાઇ રાઠોડ ઉવ.૨૨ રહે. સરતાનપર, તા. વાંકાનેર વાળાને તેમજ ઢુંવા ચોકડી નજીક એ.કે.હોટલ પાસેથી આરોપી મશરુભાઇ કુકાભાઇ સારલા ઉવ.૪૬ રહે.ભીમગુડા તા.વાંકાનેર વાળાને વર્લી ફીચર્સના જુગાર સાથે ઝડપી લેવામાં આવ્યા હતા, જેમની પાસેથી રોકડ રૂ. ૧,૨૦૦ તથા ૧,૩૫૦ સહિતનો મુદ્દામાલ કબજે કરાયો હતો. હાલ પોલીસે તમામ આરોપીઓ સામે જુગારધારા કલમ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જેતપુરમાં હાઈ-વે પર ક્રેટા કારની ઠોકરે બાઇક સવાર પરિવાર ફંગોળાયો

## જેતપુર હાઈ-વે પર બેફામ દોડતી કારે દંપતી અને માસૂમ બાળકી સહિતના પરિવારને હડફેટે લીધા, ચાલક ફરાર



**મુખ્ય સમાચાર, જેતપુર**

શહેરના નેશનલ હાઈવે પર આવેલી તત્કાલ ચોકડી પાસે ગત રાત્રે પૂરપાટ ઝડપે જતી ધુંડાઈ કેટા કારના ચાલકે માનવ જિંદગી જોખમાય તે રીતે બાઈકને જોરદાર ઠોકર મારતા અકસ્માત સર્જાયો હતો. આ ગંભીર અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ સભ્યો લોહીલુહાણ થયા હતા, જ્યારે ૩ વર્ષની માસૂમ બાળકીનો ચમત્કારિક બચાવ થયો છે. પોલીસે ફરાર કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવની વિગતો મુજબ નવાગઢ વિસ્તારમાં રહેતા કમલગીરી નીપુલગીરી ગૌસ્વામી (ઉ.વ. ૨૫) ગત રવિવારે રાત્રે ૯ વાગ્યાના અરસામાં પોતાના બનેવીનું હીરો એચ.એફ ડીલક્સ મોટરસાયકલ (નં. GJ-03-JQ-8172) લઈને પત્ની રિકલ, પુત્રી સિવાંશી અને માતા કંચનબેન સાથે તત્કાલ ચોકડી પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ સમયે જેતપુર તરફથી બેફામ ગતિએ ધસી આવેલી સફેદ રંગની ક્રેટા કાર નં. GJ-01-RM-5133ના ચાલકે બાઈકને સામેથી ઠોકર મારતા પરિવાર રોડ પર પટકાયો હતો. આ અકસ્માતમાં કંચનબેનને જમણા પગમાં ગંભીર ફ્રેક્ચર થતા તેઓને તાત્કાલિક જૂનાગઢની આયુષ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા, જેનો લાભ લઈને કાર ચાલક નાસી છૂટ્યો હતો. કમલગીરીને બંને પગમાં છોલછાલ થઈ હતી અને પત્ની રિકલને જમણા પગમાં મુંઢ ઈજાઓ પહોંચી હતી, જ્યારે તેમની ૩ વર્ષની દીકરીને કોઈ ઈજા થઈ ન હતી. જેતપુર ઉદ્યોગનગર પોલીસે આ મામલે બી.એન.એસ.ની કલમ ૧૨૫(એ), ૧૨૫(બી), ૨૮૧ અને એમ.વી. એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ત્રિકોણ બાગ કા રાજા ગણપતિ મહોત્સવના સ્થાપક જીમ્મીભાઈ અડવાણીનો આજે જન્મદિવસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શિવસેના શિંદે ગ્રુપના ગુજરાત પ્રદેશ પ્રભારી તથા "ત્રિકોણબાગ કા રાજા" ગણપતિ મહોત્સવના સ્થાપક જિમ્મીભાઈ અડવાણીનનો આજે જન્મદિવસ છે જિમ્મીભાઈ અડવાણી સમાજસેવા, સંગઠન શક્તિ અને ધાર્મિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે જોડાયેલા છે. શિવસેના શિંદે ગ્રુપના ગુજરાત પ્રદેશ પ્રભારી તરીકે તેમણે પક્ષને મજબૂત બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમની આગેવાનીમાં અનેક યુવાનોને રાજકીય તથા સામાજિક ક્ષેત્રે પ્રેરણા મળી છે. ત્રિકોણબાગ કા રાજા" ગણપતિ મહોત્સવના સ્થાપક તરીકે તેમણે ભક્તિ, સેવા અને સંસ્કૃતિને એક મંચ પર લાવી જનમાનસમાં વિશેષ સ્થાન મેળવ્યું છે. ગણપતિ મહોત્સવ દરમિયાન આયોજિત સામાજિક, ધાર્મિક અને સેવાકીય કાર્યો સમાજ માટે પ્રેરણારૂપ બન્યા છે. તેમના જન્મદિવસ નિમિતે સંતો, મહંતો, શુભેચ્છકો, મિત્રો તથા સમર્થકો,શિવસેના કાર્યકરો દ્વારા તેમને દીર્ઘાયુ, ઉત્તમ સ્વાસ્થ્ય અને સતત સફળતા માટે મો ૯૪૨૬૨૦૧૧૨૦ પર શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સોની બજારમાં બે વેપારીઓનું ૬૦.૯૮ લાખનું સોનું લઈ કારીગર રફુચક્કર

## બોર બનાવવા આપેલું ૪૭૩ ગ્રામ સોનું લઈ વતન ભાગી ગયો: વેપારીએ શોધખોળ કરી પણ સંપર્ક ન થતાં નોંધાવી ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોની બજારમાં બંગાળી કારીગરો દ્વારા સોનું ઓળવી જવાના બનાવોમાં વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સોની બજારમાં રાઘવ કુંજ કોમ્પ્લેક્ષમાં દુકાન ધરાવતા બે વેપારીનું કુલ ૪૭૩.૫ ગ્રામ ૨૨ કેરેટ સોનું ( કિમત ૬૦,૯૮,૬૮૦) લઈને પશ્ચિમ બંગાળનો કારીગર ફરાર થઈ જતાં સોની બજારમાં ચકચાર મચી ગઈ છે.



આ અંગેની વિગતો મુજબ, લક્ષ્મીવાડી મેઈન રોડ પર રહેતા અને સોની બજારની બોઘાણી શેરીમાં 'રાઘવ કુંજ કોમ્પ્લેક્ષ'માં ૨૦૧ નંબરની દુકાન ધરાવતા જીતેશભાઈ શાંતિલાલ રાણપરા (ઉ.વ. ૪૫) દ્વારા એ-ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, મૂળ બંગાળના વતની શેખ બાદશા નામના શખસ સામે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા એક વર્ષથી પશ્ચિમ બંગાળનો વતની શેખ બાદસા(રહે. ચંદનનગર, જી. હુગલી) નામના શખસ સાથે કમિશન પર દાગીના બનાવવાનું કામ કરતા હતા. ગત તા. ૦૫/૧૦/૨૦૨૫ ના રોજ જીતેશભાઈએ શેખ બાદસાને ૨૩૫.૫૦૦ ગ્રામ સોનું 'બોર' બનાવવા માટે આપ્યું હતું.

આરોપીએ આ કામ પાંચ દિવસમાં પૂરું કરી પરત આપવાનો વાયદો કર્યો હતો. જોકે મુદત પૂરી થવા છતાં તે દુકાને આવ્યો નહોતો જ્યારે વેપારીએ કારીગરને ફોન કર્યો ત્યારે તેણે ''હું સવારે દુકાને આવી જઈશ' તેમ કહી ફોન કાર્યો નાખ્યો હતો. ત્યારબાદ તેનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ આવવા લાગ્યો હતો. શંકા જતાં વેપારીએ તેના ઘરે તપાસ કરી તો ત્યાં તાળું લટકતું જોવા મળ્યું હતું. આસપાસ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે કારીગર રાતોરાત પોતાનો સામાન પેક કરી વતન ભાગી ગયો છે.

જીતેશભાઇ આ અંગે સોની બજારમાં તપાસ કરતા સામે આવ્યું કે, શેખ બાદસા માત્ર તેમનું જ નહીં પરંતુ તેમની ઉપરની દુકાન (નં. ૩૦૫) માં કામ કરતા નાજીમુદ્દીન શેખ નામના વેપારીનું પણ ૨૩૮ ગ્રામ સોનું લઈને ફરાર થઈ ગયો છે. આમ આરોપી બે વેપારીઓનો વિશ્વાસ કેળવી કુલ ૪૭૩.૫ ગ્રામ સોનું (કિમત રૂ. ૬૦.૯૮ લાખ) સેરવી ગયો હોવાનું સામે આવ્યું હતું. ઘટના અંગે પોલીસે ગુનો નોધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ગોંડલમાં ખાનગી શાળાની પરિણીત શિક્ષીકાને ધરાર પ્રેમ સંબંધ રાખવા એક તરફી પ્રેમીનું દબાણ

### પતિ, શાળાના પ્રિન્સીપાલ, સગાસંબંધીઓને પણ ફોન કર્યાની પોલીસમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલમાં શિક્ષિકા તરીકે ખાનગી શાળામાં ફરજ બજાવતી મહિલાને પૂર્વ પ્રેમીએ અલગ અલગ નંબરથી ફોન કરી ધરાર સંબંધ રાખવા દબાણ કરી પરિણીતાના પતિ સહિતના પરિજનો, મિત્ર અને શાળાના વાઈસ પ્રિન્સિપાલને પણ ફોન કરી મહિલાને બદનામ કરતા અંતે પરિણીતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવ અંગે મૂળ રાજસ્થાનના જયપુરના વતની અને હાલ ગોંડલમાં રહી ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા ૪૭ વર્ષીય પરિણીતાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે




રાજસ્થાનના જયપુરના વતની દીપેશ રમાકાંત ડ્રોલિયાનુ નામ આપી જણાવ્યું હતું કે, તેણીના લગ્ન આશરે ૨૩ વર્ષે પહેલા થયેલા હતા.

તેણીના માતા-પિતા રાજસ્થાન જયપુર ખાતે રહેતા હોય ત્યારે તેણી ભાઈના મિત્ર દિપેશ ડ્રોલીયા (રહે.માનસરોવર, જયપુર)ના સંપર્કમા આવેલ હતી. તેને ઘરે આવવા-જવાના સંબંધ હતા. દિપેશ તેણીના પિતાના ઘરની બાજુમા રહેતો હોય જેથી તેની સાથે લગ્ન પહેલા ફ્રેન્ડશીપના સંબંધ હતા.જેથી બંન્ને ફોનમાં વાતચીત કરતા હતા. બાદ તેણીના લગ્ન ગોંડલ ખાતે થતા તેની સાથે તમામ પ્રકારના સંબંધ પુરા કરી દીધેલ હતા. હાલ તેમની સાથે કોઈ પણ પ્રકારના સંબંધ નથી.

તેમ છ્તા તા. ૩૧/૧૦/૨૦૨૫ થી પરણીતા ના મોબાઈલ નંબર પર દીપેશ ફોન કરી વારંવાર તેની સાથે વાતો કરવા દબાણ કરતો હતો. તેની સાથે વાતો ન કરે તો ખરાબ શબ્દો કહેતો અને ગોંડલ આવી તારો પીછો કરીશ તેવું ફોનમા જણાવતો હતો.

દિપેશ પાસે બધા સગા વ્હાલા તથા પરીવારના સભ્યોના સંપર્ક નંબર હોવાના કારણે તે અવાર નવાર પરિણીતા અને તેના પતિને ફોન કરતો હતો. તેણે ફરીયાદીના પતિને ફોન કરતા તમે કોણ બોલો છો તેમ પુછતા પોતે દિપેશ બોલે છે, તેમ જણાવી પતિને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. તેણે હું ગોંડલ આવુ છું, તને મારવો છે તેમ ધમકી આપેલ હતી. આરોપી તેણીની ફ્રેંડને અવાર નવાર ફોન કરી વાત કરવા ફોનમાં ધમકી આપે છે. તેમજ તેણીની સ્કુલના વાઈસ પ્રિન્સીપાલને પણ ફોન કરી તેમની સાથે વાત કરવા કહેતો હતો. તેણીના દિયરને તા.૨૪/૧૨/૨૫ ના રોજ દિપેશે ફોન કરી તેની સાથે વાત કરવાનુ કહેલ હતું. આ પહેલા પણ અવાર નવાર અન્ય નંબર ઉપરથી ફોન કરી વાત કરવા દબાણ કરતો હતો. અંતે કંટાળીને શિક્ષિકાએ ગોંડલ બી ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# DSP બનાવવાના નામે ૧.૪૮ કરોડ પડાવી લેનાર ગુજરાતી ફિલ્મના પ્રોડયુસરને ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધો

### પાલીતાણાના વિવેક દવેએ સાગરિત સાથે મળી નવાગામના પશુપાલકને શીશામાં ઉતાર્યા હતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવાગામ ખાતે રહેતા પશુપાલકના પુત્રને ડીએસપી બનાવી દેવાના નામે પાલીતાણાના બે શખસોએ ૧.૪૮ કરોડની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ બાદ ક્રાઈમ બ્રાન્ચે આ ગુનામાં સામેલ ગુજરાતી ફિલ્મના પ્રોડ્યુસરને પકડી પાડી પાંચ દિવસના રિમાન્ડ ઉપર લીધો હતો.

આ અંગેની માહિતી મુજબ જીલુભાઈ ભગાભાઈ ગમારાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે દસ વર્ષ પહેલાં તેઓ દ્વારકા ગયા ત્યારે તેમની મુલાકાત હરિ રાજાભાઈ ગમારા સાથે થઈ હતી.આ પછી હરિ




અવાર-નવાર તેમના ઘેર આવતો હતો. દરમિયાન ૨૦૨૧-૨૨માં હરિ ગમારા જીલુભાઈના ઘેર આવ્યો ત્યારે તેણે કહ્યું હતું કે તેમના પુત્રને પોલીસ ખાતામાં પીએસઆઈની ભરતી ચાલુ છે તો પાસ કરાવવો હોય તો કહેજો. ત્યારબાદ જીલુભાઈએ હરિ ઉપર ભરોસો મુકી મોટા પુત્રની પોલીસમાં ભરતી કરાવવા માટે કહ્યું હતું. આ પછી હરિએ જીલુભાઈને કહ્યું હતું કે પાલીતાણામાં તેઓ જ્યાં રહે છે તે સોસાયટીમાં વિવેક પ્રવિણભાઈ દવે પણ રહે છે જેની રાજકીય નેતાઓ સાથે સારી ઓળખાણ છે. જો પુત્રને પોલીસમાં ભરતી કરાવવો હોય તો ૫૦ લાખ જેવો ખર્ચ થશે તેમાંથી ૧૫ લાખ એડવાન્સ આપવા પડશે. આ પછી જીલુભાઈએ ૧૫ લાખ આપ્યા હતા પરંતુ પીએસઆઈનો ઓર્ડર ન થતાં ૧૪ લાખ પરત આપ્યા હતા. આ પછી હરિ અને વિવેકે ખેલ શરૂ કરી જીલુભાઈના પુત્રને ડાયરેક્ટ ડીએસપી બનાવી દેશે તેમ કહીને ૧.૪૮ કરોડ રૂપિયા મેળવી લીધા હતા. આ ફરિયાદના આધારે ક્રાઈમ બ્રાન્ચે વિવેક દવેની ધરપકડ કરી રિમાન્ડ અર્થે કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. હાલ પોલીસ વિવેક પાસેથી પૈસા રિકવર કરવા માટે તજવીજ કરી રહી છે. જ્યારે હરિ ગમારા હજુ ફરાર હોય તેની શોધખોળ ચાલી રહી છે. જાણવા મળ્યા પ્રમાણે વિવેક દવેએ ચારેક જેટલી ગુજરાતી ફિલ્મ પ્રોડ્યુસ કરી હોવાનું સામે આવ્યું છે.

# શિવાજીનગરના રહેણાંક મકાનમાં પતા ટીંચતા આઠ જુગારીઓ ઝડપાયા

### દરોડા દરમિયાન ૩૧,૫૦૦ની રોકડ સહિતની મત્તા કબ્જે કરતી પોલીસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

થોરાળાનાં શિવાજીનગરમાં એક મકાનમાં જુગારધામ ચાલતું હોવાની બાતમી મળતા થોરાળા પોલીસે દરોડો પાડી મકાનમાં તીનપતીનો જુગાર રમતા આઠ શખ્સોને પકડી લીધા હતા.

મળતી વિગત મુજબ શિવાજીનગરમાં એક મકાનમાં કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની થોરાળા પોલીસ મથકના કોન્સ. રાકેશભાઈ બાલાસરાને બાતમી મળતા પી.એસ.આઈ. એમ. એસ. મહેશ્વરી, હેડ કોન્સ. હસમુખભાઈ નિનામા, કોન્સ. રાકે શભાઈ બાલાસરા અને ગોકુળભાઈ સહિતે શિવાજીનગર શેરી નં. ૧૦/૧૨માં આવેલા મકાનમાં દરોડો પાડી તીનપતીનો જુગાર રમતા મકાન માલીક વિજય બોઘાભાઈ પાણેચા, માંડા ડુંગર શીવમ પાર્ક શેરી નં. ૨ માં રહેતા અલ્પેશ વિનુભાઈ સાકરીયા, શિવાજીનગર શેરી નં. ૧૧ના રાજેશ ઉર્ફે રાજભા અમરશીભાઈ ઢાપા, માંડા ડુંગર માધવ વાટીકાના મયુર મુકેશભાઈ બારૈયા, મનહર સોસાયટી શેરી નં. ૩ના ભરત ભીખાભાઈ ગુજરીયા, મનહરપરા શેરી નં. ૭ના રાજેશ ઉર્ફે ભોયો જેન્તીભાઈ બારૈયા, શિવાજીનગર શેરી નં. ૭ના મુકેશ પ્રતાપભાઈ બારીયા અને શેરી નં. ૧૬ના સુનીલ ઉર્ફે રવી રમેશભાઈ ઢાપાને પકડી લઇ રૂા. ૩૧,૫૦૦ની રોકડ સહિતની મત્તા કબ્જે કરી હતી.

# શિવપરામાં પુત્રીની ફી ભરવા બાબતે દંપતી વચ્ચે રકઝક બાદ મારામારી

### સાસરિયાએ પરણિતાને મારમાર્યો બાદ આવેલા ભાઈઓએ બનેવીને બેટથી ઢીંબી નાખયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હનુમાન મઢી વિસ્તારમાં દીકરીની સ્કૂલ ફી ભરવા જેવી સામાન્ય બાબતે પતિ-પત્ની વચ્ચે શરૂ થયેલી રકઝક મારમારી સુધી પહોંચી હતી. પ્રથમ પરણિતાને સાસરિયા અને પતિએ મારમાર્યો હતો. જે બાદ ધસી આવેલા તેણીના ભાઈઓએ બનેવીને બેટ વડે ફટકારી બેફામ માર મારતા ઈજાગ્રસ્ત હાલત-માં પતિ-પત્ની સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યા હતા.

આ અંગેની વિગતો મુજબ, શિવપરામાં રહેતા સાહિલ ફિરોઝભાઈ કોચલિયા (ઉ.વ. ૨૬) રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન





ચલાવે છે. તેમની પત્ની યાસ્મિનના જણાવ્યા અનુસાર, દીકરીની પ્લે-હાઉસની ૨૨૦૦ ફી ભરવાની હતી. યાસ્મિને પોતે પારકા કામ કરીને ૨૦૦૦ ભેગા કર્યા હતા અને બાકીના માત્ર ૨૦૦ પતિ પાસે માંગ્યા હતા. સાહિલે પૈસા આપવાની ના પાડતા બંને વચ્ચે થયેલી બોલાચાલીએ ઉગ્રરૂપ ધારણ કર્યું હતું.યાસ્મિનના પતિ, સાસુ અને દિયરે મળીને તેને માર માર્યો હતો. આ વાતની જાણ તેણે વાવડી ખાતે રહેતા પોતાના પિયર પક્ષને કરતા યાસ્મિનના ભાઈઓ આસિફ, શાહરૂખ અને માતા નસીમબેન કાર લઈને હનુમાન મઢી દોડી આવ્યા હતા.

અને સાહિલ પર ધોકા અને બેટ વડે હુમલો કરી દીધો હતો, જેમાં સાહિલને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી હાલ બંને સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોય ત્યારે ગાંધીગ્રામ પોલીસ મથકના સ્ટાફે બંનેનું નિવદેન નોધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગ્રીનલેન્ડ ચોકડી નજીક રોડ ક્રોસ કરતી મહિલાનું અજાણ્યા વાહનની હડફેટે મોત

### મજૂરી કામ કરી ઘરે પરત ફરતી વખતે ઘટના ઘટી; પરિવારમાં શોક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ મોરબી રોડ ઉપર વેલનાથપરામાં રહેતા પ્રોઢા માર્કેટ યાર્ડમાં મજૂરી કામ કરી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે ગ્રીનલેન્ડ ચોકડી નજીક રસ્તો ઓળંગતી વખતે અજાણ્યા વાહન ચાલકે ઉલાળતા અકસ્માત સર્જાયો હતો. હિટ એન્ડ રનની ઘટનામાં ઘવાયેલા પ્રોઢાનું મોત નિપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.



આ અંગે જાણવા મળતી વિગત મુજબ મોરબી રોડ પર આવેલા વેલનાથપરામાં રહેતા સુમલીબેન નગરુભાઈ બામણીયા નામના ૪૫ વર્ષના પ્રોઢા સાજના સાડા સાતેક વાગ્યાના રસ્તામાં ગ્રીનલેન્ડ ચોકડી નજીક મોરબી રોડ પર અકસ્માત સબબ ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જ્યાં સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે સુમલીબેન બામણીયાને જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો હતો. પ્રાથમિક પૂછપરછમાં સુમલીબેન બામણીયા મૂળ મધ્યપ્રદેશના વતની હતા અને તેમના પતિ હયાત નથી તેમને સંતાનમાં બે પુત્ર અને ચાર પુત્રી છે. સુમલીબેન બામણીયા જુના માર્કેટ યાર્ડમાં મજૂરી કામ કરી ઘરે પરત ફરતા હતા તે દરમિયાન ગ્રીનલેન્ડ ચોકડી નજીક રસ્તો ઓળંગતી વખતે અજાણ્યા વાહન ચાલકે ઠોકરે ચડાવતા સર્જાયેલા અકસ્માતમાં મોત નીપજયુ હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે બી ડિવિઝન પોલીસે અકસ્માત સર્જી નાસી છૂટેલા અજાણ્યા વાહન ચાલકને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# બોગસ મુખત્યારનામું બનાવાના ગુનામાં વકીલના આગોતરા મંજુર કરતી અદાલત

### કીંમતી પ્લોટ સંદર્ભેનું કુલમુખત્યારનામું બોગસ હોવાનું ખુલતા ફરિયાદ નોંધાઈ હતી: નોટરાઈઝડ ડોક્યુમેન્ટમાં ઓળખ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજીડેમ પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારના એક કીંમતી પ્લોટ સંદર્ભેનું કુલમુખત્યારનામું બોગસ હોવાની ફરિયાદમાં આ મુખત્યારનામું તૈયાર કરનારા એડવોકેટ એનપી રૂપારેલિયાની આગોતરા જામીન અરજી અદાલતને મંજૂર કરી છે.

આ અંગેની હકીકત મુજબ, યોગીનગર તરીકે ઓળખાતા વિસ્તારના ફરીયાદી જાગૃતભાઈ મહાસુખલાલ શાહે સને-૧૯૮૧માં ખરીદ કરેલ ૯૪૦ ચોરસ વાર જમીનનો પ્લોટ ખરીદ કરેલ. આ પ્લોટ સંદર્ભે ઈશરાનખાન જમીલખાન પઠાણના નામનું ૨૦૦૮માં બોગસ કુલમુખત્યારનામું સહી અને સીકકા તથા સાક્ષીના ઓળખપત્ર લીધા વગર કરેલ હોવાનું બહાર આવ્યું હતું,

તેમાં એડવોકેટ નોટરી એન. પી. રૂપારેલીયાના સહી સિકકા હોય તેની ધરપકડ કરવા માટે પોલીસ દ્વારા નોટિસ આપવામાં આવેલ હતી. તેથી આ બનાવમાં ગુન્હામાં આજીડેમ પોલીસ ધરપકડ કરે તેવી શક્યતા હોવાથી એડવોકેટ એન. પી. રૂપારેલીયાએ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. આ કામમાં એડવોકેટના વકીલે કોર્ટમાં જણાવેલ કે, કુલમુખત્યારનામું કરનાર તથા સાક્ષીઓના ફોટોગ્રાફ અને સહીઓ લેવામાં આવેલ છે અને તેમાં ઓળખ આપનાર એડવોકેટ વિજય તન્ના હતા. અમોએ કાયદેસરની કાર્યવાહી કરીને નોટરી દસ્તાવેજ બનાવેલ છે. અમે બોગસ કુલ મુખત્યારનામુ બનાવી કોઈ ગુન્હાહિતકૃત્ય કરેલ નથી. તેમજ

આપનાર વકીલની સહી લઈ અને સહી કરનારનો ફોટો લગાડી પુરું નામ સરનામું લખેલ છે. જે રજૂઆતો મ દલીલો ધ્યાને લઈ એડિશનલ સેશન્સ જજ વી. કે. ભટ્ટે વકીલ નોટરી એન. પી. રૂપારેલીયા ક્યાંય નાસી ભાગી જાય તેમ ન હોય, તેમજ પોતાની ફરજમાં ઘોર બેદરકારી દાખવેલ હોય કે ગુનાહીત માનસ પ્રથમ દર્શનીય જણાઇ આવતું ન હોય. અરજદારને આગોતરા જામીન પર મુક્ત કરવાનો આદેશ કરેલ હતો. આ કામમાં આરોપી નોટરી તરફે પટેલ લો ફર્મના ધારાશાસ્ત્રી દિલીપભાઈ પટેલ, કલ્પેશ નસીત, નૈમિષ જોષી, અનિતા રાજવંશી તથા આસિસ્ટન્ટ તરીકે ઈશા કણઝારીયા રોકાયા હતા.

# ભગવતીપરામાં પતંગ ચગાવતા ૯ વર્ષના માસુમને ઘોડાએ લાત મારી દેતા ઈજા

### અલગ-અલગ ત્રણ સ્થળે ત્રણ લોકોએ જવલનશીલ પ્રવાહી પી લેતા તબિયત લથડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભગવતીપરા વિસ્તારમાં રહેતો અને ધો.૩માં અભ્યાસ કરતો ૯ વર્ષનો માસુમ બાળક પોતાના ઘર પાસે પતંગ ચગાવતો હતો ત્યારે ઘોડાએ લાત મારી હતી. માસુમ બાળકને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ભગવતીપરા વિસ્તારમાં રહેતા વિરલ વિનુભાઈ વાઘેલા નામનો ૯ વર્ષનો માસુમ બાળક બપોરના અઢી વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે પતંગ ચગાવતો હતો ત્યારે ઘોડાએ લાત મારતા માસુમ બાળકને ઈજા પહોંચી હતી. વિરલ વાઘેલાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત અન્ય બનાવમાં જુદા જુદા ત્રણ સ્થળે બે મહિલા સહિત ત્રણ લોકોએ જવલનશીલ પ્રવાહી પી લીધુ હોવાની ઘટના સામે આવી છે. જેમાં નાણાવટી ચોક પાસે આવેલ આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતા ભારતીબેન

સતિષભાઈ અગ્રાવત નામના ૪૫ વર્ષના પ્રોઢાએ પોતાના ઘરે હતા ત્યારે રાત્રિના સમયે ઝેરી દવા પી લીધી હતી. જ્યારે નવા થોરાળા વિસ્તારમાં રહેતી હેમાબેન અરવિંદભાઈ મકવાણા નામની ૩૬ વર્ષની પરિણીતાએ બપોરના ફીનાઈલ ગટગટાવી લીધું હતું. આ ઉપરાંત ત્રીજા બનાવમાં કાલાવડ રોડ ઉપર આવેલ એકલવ્ય ટાઉનશિપમાં રહેતા રાહુલ જેરામભાઈ ઘુમ્મર નામના ૩૫ વર્ષના યુવાને કોઈ અગમ્ય કારણસર એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જવલનશીલ પ્રવાહી પી લેનાર બંને મહિલા સહિત ત્રણેયને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જય જવાન જય કિશાન સોસાયટીમાં આધેડે ગળેફાંસો ખાઈ જિંદગીથી છેડો ફાડયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ પર જય જવાન જય કિશાન સોસાયટીમાં રહેતા મનસુખભાઈ મોહનભાઈ સીતાપરા નામના ૫૦ વર્ષના આધેડ પોતાના ઘરે હતા ત્યારે કોઈ અગમ્ય કારણસર પતરાના એંગલમાં ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આધેડને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છ્વાઈ જવા પામી હતી. આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે બી ડિવિઝન પોલીસને જાણ કરતા બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી



ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી આધેડના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક મનસુખભાઈ સીતાપરા ચાર ભાઈ ત્રણ બહેનમાં વચ્ચેટ હતા. અને તેમને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી છે. પત્ની અને પુત્ર કામ પર ગયા બાદ મનસુખભાઈએ આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલોસે નોંધ કરી આધેડના આપઘાત પાછળનું કારણ જાણવા તપાસનો દોર લંબાવ્યો છે.

# સિવીલ હોસ્પિટલમાં લૂખ્ખાગીરી સામે ડોકટરોએ ગૂંડાગીરી બંધ કરવાના નારા લાગાવ્યા





### આરોપીનું સરઘસ કાઢવા તબીબોની પોલીસને માંગ: સિક્યુરીટી ગાર્ડ મુકબધિર બની તમાશો જોતા રહ્યા: અન્ય દર્દીઓના સગાઓએ છોડાવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સિવીલ હોસ્પિટલમાં મોડી રાત્રે એક શખસે ન્યુરો સર્જન તબીબ પર હુમલો કરવાની ઘટનાને પગલે સોમવારે સિવીલ હોસ્પિટલના તબીબેઓ મેડીકલ કોલેજ પાસે એકઠા થઈ વિરોધ નોંધાવ્યો હતો. અને હોસ્પીટલમાં ગૂંડાગીરી બંધ કરાવવાના નારા લગાવ્યા હતા એટલું જ નહીં પરંતુ હુમલાખોર આરોપીનું જાહેર જનતા સામે પોલીસ સરઘસ કાઢે તેવી માંગ કરી હતી.

આ અંગેની જાણવા મળતી વિગતો મુજબ સિવીલ હોસ્પીટલમાં ન્યુરો વિભાગમાં છેલ્લા બે વર્ષથી ફરજ બજાવતા ડો. પાર્થ પંડયા રવિવારે રાત્રીના તેની ફરજ ઉપર હતા તે સમયે નોવા હોટેલમાં નોકરી કરતા નેપાળી યુવકને અકસ્માતમાં ઈજા થતા તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યો હતો. દર્દીની સારવાર દરમ્યાન બ્લડની જરૂર હોય દર્દીના સગ્ગા જયદીપ ચાવડાને બ્લડ લેવા માટેની વાત કરી હતી જેથી તે ઉશ્કેરાયો હતો અને ઝઘડો કર્યો હતો અને ''બોલ તને તુ કહે ત્યા મારૂ, હુ જામીન ઉપર છુટ્ટી જઈશ પણ તુ ક્યા જઈશ?' કહી ધમકી આપી ઢીકાપાટુ વડે બેફામ મારકુટ કરી હતી. દેકારો થતા અન્ય તબીબો અને સ્ટાફના કર્મચારીઓ દોડી આવી તબીબને છોડાવ્યા હતા.

આ સમગ્ર ઘટનાના CCTV ફૂટેજ પણ વાયરલ થયા હતા. જેમાં હુમલાખોર તબીબને બેરહેમીથી મારતો હોવાનું નજરે ચડયુ હતું. તબીબ પર હુમલો થતા સિવીલના તમામ તબીબો મેડીકલ કોલેજ ખાતે એક્ત્તર થયા હતા અને આરોપીને તાત્કાલિક પકડીને જાહેર જનતા સામે સરઘસ કાઢવામાં આવે તેવી માંગ કરી હતી.

# રાજકોટમાં બાઈકની ઠોકરે રાહદારી નિવૃત્ત રેલવે કર્મચારીનું મોત

### પગપાળા શાકભાજી લેવા નીકળેલા વૃદ્ધને કાળ ખેંચી ગયો; પરિવાર શોકમગ્ર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આરટીઓ પાછળ આરએમસી હુડકો કવાર્ટરમાં રહેતા - બાબુગર અમરગર ગોસાઈ (ઉ.વ.૭૨)નામના વૃધ્ધ આજે ૧ સવારે ૧૧ વાગ્યાના અરસામાં ઘરેથી ચાલીને શાકભાજી લેવા જતા હતા ત્યારે જૂના માર્કેટ યાર્ડના ગેઈટની સામે પહોંચતા ૧ પુરપાટ ઝડપે આવતા અજાણયા બાઇક ચાલકે વૃધ્ધને અડફેટે = લેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જી અજાણયો બાઇક - ચાલક નાશી છૂટયો હતો. આ બનાવમાં વૃધ્ધને માથાના ભાગે - તથા શરીરે ગંભીર ઈજા થતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ અહીં તેમનુ ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યુ હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી બીડિવિઝન પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક વૃધ્ધ અગાઉ રેલવેમાં નોકરી કરતા હતા અને હાલમાં નિવૃત્ત હતા. તેમને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી હોવાનુ જાણવા મળ્યુ છે. આ અંગે પોલીસે અકસ્માત સર્જી નાશી છૂટેલા બાઇક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધવા અને તેને ઝડપી લેતા તપાસ હાથ ધરી છે.